
# Gyan Amrit
# જ્ઞાનામૃત

May 2025 - Issue 05
Price 15/-



**જગદીશભાઈનો
સ્મૃતિદિવસ
૧૨–૫–૨૦૦૧**



## Gujarat Sthapana Divas



ઈન્દ્રપ્રસ્થ-GGRCમાં ગુજરાત ઝોનના શિક્ષા પ્રભાગની મીટીંગમાં પધારેલ બ્ર.કુ. ભાઈ-બહેનો સાથે સમુહચિત્રમાં શિક્ષા પ્રભાગના ગુજરાતના કૉડીનેટર બ્ર.કુ. પ્રભાબેન, બ્ર.કુ. નેહાબેન, નંદાબેન, બ્ર.કુ.ડૉ. મમતાબેન.



અમદાવાદ ઈન્ડીયા કોલોનીમાં પધારેલ વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ ભ્રાતા પ્રવિણભાઈ તોગડીયા, બાજુમાં બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. ભાનુબેન તથા અન્ય મહાનુભાવો.



દીવમાં નેચરક્યોર અને વેલનેસ રીસોર્ટના ઉદ્‌ઘાટનમાં રીસોર્ટના MD ભ્રાતા નિકોલસભાઈ તથા શ્રીમતી પુનમબેનને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. ગીતાબેન.



સુરત પરવટ ખાતે સનસાઈઝ સ્કુલના ટ્રસ્ટી ભ્રાતા સંજયભાઈ મોમેન્ટોથી બ્ર.કુ. સંગીતાબેનનું સન્માન કરતા.



રાજકોટ રવિરત્ન ખાતે 'ઘર બને મંદિર' કાર્યક્રમમાં ભીલમાલના બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. નલિનીબેન, બ્ર.કુ. અંજુબેન, કૉરપોરેટર શિલ્પાબેન, દક્ષાબેન, ડૉ. રૂપાબેન, યોગટીચર અલ્પાબેન, ગીતાબેન.



પડધરીમાં વ્યાપારીઓના 'સંતુલિત વ્યાપાર ખુશ પરિવાર' સ્નેહમિલનમાં ભીલમાલના બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. અંજુબેન, સરપંચ ડૉ. વિજયભાઈ પરમાર, નેચરકોયર સેન્ટરના મેનેજર આકાશભાઈ, બ્ર.કુ. જીજ્ઞાબેન.



માળીયા હાટીના સેવાકેન્દ્ર ખાતે આયોજીત વ્યાપારીઓના સ્નેહમિલનમાં પધારેલ નવનિયુક્ત PI ભગિની સલમા સુમેરાને શૉલથી સન્માનીત કરતાં બ્ર.કુ. રૂપાબેન બાજુમાં બ્ર.કુ. મીતાબેન.



રાજકોટ ગાંધીગ્રામમાં વ્યાપારીઓના 'સંતુલિત વ્યાપાર ખુશ પરિવાર' સ્નેહમિલનમાં મહાદેવમોલના માલિક ભ્રાતા દ્વારકાભાઈ, બ્ર.કુ. નયનાબેન, બ્ર.કુ. ભાગ્યાબેન, બ્ર.કુ. દક્ષાબેન, બ્ર.કુ. વિધીબેન.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૮ મે - ૨૦૨૫ અંક : ૦૫

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

## અમૃતસૂચિ


- સંસ્થાના મુખ્ય પ્રશાસિકા રાજયોગિની દાદી રતનમોહિનીજીનું અવ્યક્ત આરોહણ ......તંત્રી સ્થાનેથી ..04
- ઓલરાઉન્ડ વિશ્વ સેવાધારી ..................બ્ર.કુ. ચંદ્રિકાબેન ..08
- સંપન્નતા અને સંપૂર્ણતાનો અનુભવ ........દાદી પ્રકાશમણિજી ..10
- બચતનું ખાતું કઈ રીતે વધારીએ? ........દાદી હૃદયમોહિનીજી ..11
- જેવો નિશ્ચય હશે તેવું સ્વરૂપ હશે . ...........બ્ર.કુ. જગદીશચંદ્ર ..12
- પોતાના વિચારોને કહો - જરા થોભો ..........બ્ર.કુ. શિવાની ..13
- આબુ વિશ્વ માટે લાઈટ હાઉસ છે .....................બ્ર.કુ. સૂર્ય ..14
- પરમાત્મ હૃદયને મોહી લેતા - રતનમોહિની ...બ્ર.કુ. વિવેકાનંદ ..16
- નારી તું કલ્યાણકારી ..............................................18
- શાશ્વત યુવાનીનો યુગ - રતનમોહિની દાદીજી .....બ્ર.કુ. હેમંત ..20
- મનુષ્ય સૃષ્ટિ 5000 વર્ષ જૂની .......................બ્ર.કુ. અનંત ..23
- આધ્યાત્મિક રહસ્ય- હનુમાન જયંતિ ..........બ્ર.કુ. જગદીશ ..24
- ઈશ્વરીય સેવા કરવાની પદ્ધતિ ...................બ્ર.કુ. જૂનાગઢ ..27
- દિવ્યદર્શન - રતનમોહિની દાદીજી ................બ્ર.કુ. નંદિની ..28
- પ્રસંગ પરિમલ ..................................................30
- સાક્ષી નજરથી જોયું .............................બ્ર.કુ. જૂનાગઢ ..31
- સંગમયુગ શબ્દાવલી ............................................32



**2024 ના લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૩૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૨૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૫.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૬૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૨,૦૦૦.૦૦ |



કૃતિઓ મોકલવાનું સરનામું

**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**

તંત્રી : જ્ઞાનામૃત

D-202, સાગર રેસીડન્સી, PDPU રોડ,
જાન્વી ફાર્મ સામે, રાયસણ,
ગાંધીનગર - 382007 M. 99798 99104



**મુદ્રક અને પ્રકાશક**
**ભારતી રણછોડદાસ સોમૈયા**


**-:- વિશેષ નોંધ -:-**

સેવાકેન્દ્ર દ્વારા થયેલ સેવાઓના ઓરીજનલ હાઈ રેઝોલ્યુશન વાળા ચોખ્ખા, વ્યવસ્થિત, યોગ્ય ફોટા સાથે મહેમાનોનું આખું નામ, બરોબર હોદ્દો, કાર્યક્રમની સંપૂર્ણ વિગતો સાથે ગુજરાતી જ્ઞાનામૃતના ઈ-મેલ ઉપર જ મોકલવાના રહેશે. જે અગ્રતા ક્રમે ફોટા મળે, તમામ પ્રકારે ફોટાની ગુણવત્તાના આધારે નાના-મોટા બધા સેવાકેન્દ્રોને યથાયોગ્ય સ્થાન આપવાનો પૂરો પ્રયત્ન રહે છે. જે મોબાઈલથી ફોટા પાડ્યા હોય તે મોબાઇલની ગેલેરીમાંથી જ ઓરીજનલ ફોટા હાઈ ક્વોલિટીમાં ઈ-મેલમાં એટેચ કરવા. તમે whatsappમાં મોકલેલા કે કોઈએ ફોટા પાડીને તમને whatsappમાં મોકલાવેલ અથવા કોઈના ફોરવર્ડ કરેલા ફોટા ક્યારે મોકલવા નહીં. whatsappથી મોકલાવેલા ફોટાની પ્રિન્ટિંગ ક્વોલિટી બરોબર હોતી નથી. જે પ્રકાશનમાં કદાપિ લેવાશે નહીં.


**જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો**

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**
**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

### તંત્રી સ્થાનેથી

## સંસ્થાના મુખ્ય પ્રશાસિકા

# રાજયોગિની દાદી રતનમોહિનીજીનું અવ્યક્ત આરોહણ



દાદીજીએ 101 વર્ષની ઉંમરેમાં દેહત્યાગ કર્યો. નારી શક્તિનાં સૌથી મોટા સંગઠન બ્રહ્માકુમારીઝ સંસ્થાનાં મુખ્ય સંચાલિકા રાજયોગિની દાદી રતનમોહિનીજી સ્થાપનાથી લઈને આજે વટવૃક્ષ બન્યાનાં સાક્ષી રહ્યાં. 25 માર્ચ, 1925ના રોજ સિંધ હૈદરાબાદમાં તેમનો જન્મ થયો હતો. 1937માં 13 વર્ષની ઉંમરે બ્રહ્માબાબાને મળ્યા.

### દાદીની ઐતિહાસિક સેવાઓ

50 હજાર બ્રહ્માકુમારી બહેનોનાં નાયિકા બન્યાં. ભારત અને વિશ્વનાં 5500 સેવાકેન્દ્રોનું દાદી સંચાલન કરતા હતાં. 1956 થી 1969 સુધી મુંબઈમાં સેવાઓ આપી. 1954માં જાપાનમાં વિશ્વશાંતિ સંમેલનમાં સંસ્થાનું પ્રતિનિધિત્વ કર્યું. યુવા વર્ગનાં અધ્યક્ષા હોવાને નાતે ઉપાધ્યક્ષ રાજયોગિની ચંદ્રિકાબેન સાથે યુવા પદયાત્રાઓનું આયોજન કર્યું. 2006માં યુવા પદયાત્રાએ લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડઝમાં પ્રવેશ મેળવ્યો હતો.

08 એપ્રિલ 2025ના અમદાવાદની ઝાયડસ હોસ્પિટલમાં બપોરે 1:20 કલાકે અંતિમ શ્વાસ લીધો. એમના પાર્થિવ શરીરને શાંતિવન લાવીને કોન્ફરન્સ હોલમાં રાખવામાં આવ્યું.

10 એપ્રિલે સવારે 10:00 કલાકે એમના અંતિમ સંસ્કાર શાંતિવન પરિસરમાં કરવામાં આવ્યાં. આપ માત્ર 13 વર્ષની ઉંમરે જ બ્રહ્માકુમારીઝ સંસ્થા સાથે જોડાયાં. એમણે પોતાનું સમગ્ર જીવન અધ્યાત્મ અને સમાજ કલ્યાણ માટે સમર્પિત કર્યું. 101 વર્ષની ઉંમરેમાં પણ દાદીની દિનચર્યા અમૃતવેળા પરોઢિયે 3:30 વાગ્યાથી શરૂ થતી હતી. રાજયોગ મેડીટેશનનું એમની દિનચર્યામાં મહત્ત્વપૂર્ણ સ્થાન હતું.

25 માર્ચ 1925 માં સિંધના એક સાધારણ પરિવારમાં દેવી સ્વરૂપા બેટીએ જન્મ લીધો. માતાપિતાએ નામ રાખ્યું લક્ષ્મી. કોઈએ વિચાર્યું પણ નહીં હોય કે એક દિવસ આ બેટી અધ્યાત્મ અને નારી શક્તિના ઝગમગતા સિતારા બનીને સમગ્ર જગતને રોશન કરશે. 13 વર્ષની ઉંમરમાં લક્ષ્મીએ વિશ્વશાંતિ અને નારી સશક્તિકરણના કાર્યમાં ઝૂકાવી દીધું.

87 વર્ષ સંસ્થાની યાત્રાનાં સાક્ષી રહ્યાં. છેલ્લા 40 વર્ષથી આપ યુવા પ્રભાગનાં અધ્યક્ષાની જવાબદારી નિભાવતાં રહ્યાં. આપના નેતૃત્વમાં યુવા પ્રભાગ દ્વારા અનેક રાષ્ટ્રીય યુવા યાત્રા અને

સાયકલ યાત્રાનાં અભિયાન ચલાવવામાં આવ્યાં.

બ્રહ્માબાબાની સાથે 32 વર્ષ રહીને લાંબી સફર કરી. દાદીમાં બાળપણથી જ ભક્તિભાવના સંસ્કાર રહ્યાં. દાદીજી વર્ષ 1937 થી 1969 માં બ્રહ્માબાબાના અવ્યક્ત થયા સુધી સાથે રહ્યાં. બાબા જે કહે તે દાદી સદૈવ કરતાં.

1996 માં બ્રહ્માકુમારીઝની સંચાલન સમિતિમાં એ નક્કી થયું કે હવે વિધિવત્ કુમારીઓને બ્રહ્માકુમારી બનવાની ટ્રેનીંગ આપવામાં આવે એના માટે એક ટ્રેનીંગ સેન્ટર બનાવવામાં આવ્યું. ત્યારે દાદી પ્રકાશમણિજીએ એમને ટ્રેનીંગ સેન્ટરનાં હેડ બનાવ્યાં. દાદીના નેતૃત્વમાં આજ સુધી 6000 સેવાકેન્દ્રો ખૂલ્યાં. દાદીના નેતૃત્વમાં 2006 માં કાઢવામાં આવેલી યુવા પદયાત્રાએ બ્રહ્માકુમારીઝના ઈતિહાસમાં એક નવો અધ્યાય રચ્યો. 20 ઓગસ્ટ 2006 માં મુંબઈથી યાત્રાનો શુભારંભ કર્યો. 29 ઓગસ્ટે તીનસુખિયા આસામમાં સમાપન કરવામાં આવ્યું. સ્વર્ણિમ ભારત યાત્રાએ 30 હજાર કિલોમીટરની મંઝિલ કાપી.

દાદીજીના નેતૃત્વમાં ભારત એકતા યુવા પદયાત્રા કાઢવામાં આવી. 12550 કિલોમીટરની મંઝિલ કાપી. યાત્રાનો શુભારંભ ભારતના રાષ્ટ્રપતિ જ્ઞાની ઝેલસિંઘે કરાવ્યો હતો. કન્યાકુમારીથી દિલ્હી લાંબી યાત્રા રહી જેમાં 3300 કિલોમીટરની સફર રહી. ભારે વરસાદ અને તોફાનમાં પણ પદયાત્રીઓ ચાલતા જ રહ્યાં. રણ, જંગલ, પર્વતોને પસાર કરીને 24 ઓક્ટોબર 1985માં દિલ્હીમાં સમાપન કરવામાં આવ્યું.

20 ફેબ્રુઆરી, 2014 માં ગુલબર્ગા વિશ્વ વિદ્યાલયે કુલપતિ પ્રોફેસર ઈટી પુટૈયા અને રજિસ્ટ્રાર પ્રોફેસર ચંદ્રકાન્ત યતનૂર દ્વારા દાદીને ડોક્ટરેટની પદવી આપવામાં આવી. આ સિવાય દેશ વિદેશમાં કેટલાયે રાષ્ટ્રીય અને આંતર-રાષ્ટ્રીય પુરસ્કારો દ્વારા દાદીને સન્માનિત કરવામાં આવ્યાં છે.

દાદીને શોકસંદેશ મોકલનારાઓમાં ભારતનાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા તથા કેટલાય મુખ્યમંત્રીઓએ અને રાજ્યપાલોએ શોક પ્રદર્શિત કર્યો.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શોકસંદેશમાં લખ્યું કે, દાદી રતનમોહિનીજીના નિધનના સમાચાર સાંભળીને મને બહુ દુઃખ થયું છે. દાદી બ્રહ્માકુમારી સંસ્થાનાં પ્રકાશ સ્તંભ હતાં. આ સંસ્થાએ મારી જીવનયાત્રામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લખ્યું કે, દાદી રતનમોહિનીની આધ્યાત્મિક ઉપસ્થિતિ અસાધારણ હતી. જેને પ્રકાશ, જ્ઞાન, કરુણાનાં કિરણ રૂપે યાદ કરવામાં આવશે.

રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ લખ્યું કે, લાખો લોકોમાં આધ્યાત્મિક પ્રકાશ જગાવનાર દાદીના સેવા કાર્યોને ભૂલી શકાશે નહીં.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડો. મોહન યાદવે શોકસંદેશમાં લખ્યું છે કે, આ દુઃખની ક્ષણો છે. હું પરમાત્માને પ્રાર્થના કરું છું કે દિવગંત આત્માને શાંતિ આપે.

છત્તીસગઢના રાજ્યપાલ શ્રી રામેન ડેકાજી - બ્રહ્માકુમારી સંસ્થાના મુખ્ય પ્રશાસક દાદી રતનમોહિનીજીના નિધનના સમાચારથી મને ખૂબ જ દુઃખ થયું છે, જેમણે પોતાનું આખું જીવન આધ્યાત્મિકતા, સેવા અને જનકલ્યાણમાં વિતાવ્યું. સર્વશક્તિમાન ભગવાન દિવંગત આત્માને તેમના પવિત્ર ચરણોમાં શરણ આપે.

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે

પોતાના શોકસંદેશમાં કહ્યું કે, દાદી છેવટ સુધી પૂર્ણ જીવન જીવ્યાં. આપે સાત દશક સુધી સમર્પિત ભાવથી નારી જાગૃતિ, માનવીય મૂલ્યો, શાંતિ અને આધ્યાત્મિક જાગૃતિ માટે જે સેવાઓ આપી છે તે સમાજ અને વિશ્વની થાપણ છે.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લખ્યું કે, દાદીએ બાળપણ થી જ બ્રહ્માબાબાના સાનિધ્યમાં પોતાનું જીવન આધ્યાત્મિક સેવાઓ માટે સમર્પિત કર્યું.

બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે લખ્યું કે, દાદીએ પોતાનું સમગ્ર જીવન સમાજ કલ્યાણમાં સમર્પિત કર્યું.

તેલંગાનાના મુખ્યમંત્રીએ રેવંત રેડ્ડી - દાદી રતનમોહિનીજીના નિધનથી દુઃખ થયું છે.

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે લખ્યું કે, દાદીનું સંપૂર્ણ જીવન યોગ તપસ્યા અને સેવાનું પ્રતીક રહ્યું.

મધ્યપ્રદેશના કેબીનેટ મંત્રી - દાદીનાં યુવાઓ અને મહિલાઓ માટે કરેલાં કાર્યોને યાદ રાખવામાં આવશે.

તેલંગાણાના રાજ્યપાલ જિષ્ણુ દેવવર્મા કહ્યું કે, દાદીએ પોતાનું જીવન મૂલ્ય અને આધ્યાત્મિકતા માટે વીતાવ્યું.

કેન્દ્રીય વિધિ અને ન્યાયમંત્રી અર્જુનરામ મેઘવાલે - દાદીનું જીવન આધ્યાત્મિક સાધના, સેવા, સમર્પણનું એક અણમોલ ઉદાહરણ છે.

મહારાષ્ટ્રના ઉપમુખ્ય મંત્રી એકનાથ શિંદેએ કહ્યું કે, દાદીજીનું જીવન આધ્યાત્મિક જાગૃતિ અને પ્રેમનું પ્રતીક રહ્યું.

મધ્યપ્રદેશના ઉપમુખ્ય મંત્રી જગદીશ દેવડાએ કહ્યું કે, દાદીએ પોતાનું સંપૂર્ણ જીવન વિશ્વકલ્યાણમાં લગાવી દીધું.

ગુજરાત બી.જે.પી. પ્રવક્તા હિરેન કોટકે લખ્યું કે, દાદીએ વિશ્વ કલ્યાણ માટે મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

પ્રસિદ્ધ એક્ટર અનુપમ ખેર તથા તેલુગું અભિનેતા સુમન ગુરુએ કહ્યું કે, દાદીજીના આદર્શ યોગ તપસ્વી જીવનને સદા યાદ રાખવામાં આવશે.

આ ઉપરાંત જે મહાનુભાવોએ શોકસંદેશ પાઠવ્યા છે. તેમની યાદી આ પ્રમાણે છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સંઘચાલક સર મોહન ભાગવત, દેશભરના નેતાઓ, સંત-મહાત્મા, મહામંડલેશ્વર ઉપરાંત બોલીવુડમાંથી પણ શોક સંદેશ મળ્યા છે.

૧૨ એપ્રિલ, યુએનઆઈ. રાજસ્થાનના નાયબ મુખ્ય પ્રધાન પ્રેમચંદ બૈરવા અને રાજ્ય પ્રધાન ઓતરામ દેવાસીએ બ્રહ્માકુમારી સંસ્થાના ભૂતપૂર્વ મુખ્ય પ્રશાસક, રાજયોગિની દાદી રતનમોહિનીના સમાધિ સ્થળ પર પહોંચીને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપી. સંબોધતા તેમણે કહ્યું કે દાદીનું જીવન માનવતા માટે સમર્પિત હતું. તેમણે આ સંસ્થાને વિશ્વના ઘણા દેશોમાં ફેલાવવાનું ઉત્તમ કાર્ય કર્યું. તેણીને આ માટે હંમેશા યાદ કરવામાં આવશે.

રાજ્યમંત્રી ઓતારામ દેવાસીએ જણાવ્યું કે દાદીનું અવસાન આધ્યાત્મિક જગત માટે ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન છે. બ્રહ્માકુમારી સંસ્થાએ તેમના માર્ગદર્શન હેઠળ ઘણી ઊંચાઈઓ હાંસલ કરી છે. દાદીમાના પ્રયાસોને કારણે, આ સંસ્થા સ્વચ્છતાથી લઈને કૃષિ, ગ્રામીણ વિકાસ અને જળ સંરક્ષણ સુધીના ક્ષેત્રોમાં પ્રશંસનીય કાર્ય કરી રહી છે. આ સંસ્થા સરકારને દરેક પગલે જે ટેકો આપે છે તે અજોડ છે.

સાંસદ લુમ્બારામ ચૌધરી, અબુ પિંડવાડાના

ધારાસભ્ય સમરામગ ગરાસિયા, ભાજપ જિલ્લા પ્રમુખ રક્ષા ભંડારી, બ્રહ્માકુમારીઝ સંસ્થાના અધિક મહાસચિવ બીકે કરૂણા, બીકે મૃત્યુંજય, જિલ્લા વડા અર્જુન રામ પુરોહિત, ભાજપના વરિષ્ઠ નેતા ગણપતસિંહ, પૂર્વ ધારાસભ્ય જગસી રામ કોલી, પૂર્વ જિલ્લા પ્રમુખ બીકે પટેલ, બીકે પીઆરઓ, બીકે પટેલ અને પૂર્વ જિલ્લા પ્રમુખ બી.કે. કોમલ સહિત અન્ય ઘણા લોકો હાજર રહ્યા હતા.

દેશ વિદેશનો બ્રહ્માકુમારી પરિવાર એમને શ્રંધ્ધાંજલિ આપીને એમના ચીંધેલા માર્ગે ચાલશે. કોટિ કોટિ નમન દાદીજી.

બ્રહ્માકુમારી સંસ્થાની મેનેજમેન્ટ કમિટીની દિનાંક 13-04-2025ની સવારે 10:30 વાગે મીટીંગ સંપન્ન થઈ.

૮૪ વર્ષીય રાજયોગિની મોહિનીદીદીને મુખ્ય પ્રશાસિકા તરીકે જવાબદારી સોંપવામાં આવી એના પહેલાં ચાર વર્ષથી આપ અધિક મુખ્ય પ્રશાસિકાની જવાબદારી સંભાળતાં હતાં.


સંયુક્ત મુખ્ય પ્રશાસક રાજયોગિની બી.કે. મુન્નીબહેનને અધિક મુખ્ય પ્રશાસિક નિયુક્ત કરવામાં આવ્યા છે.

વર્ષ 1941માં દિલ્હીમાં જન્મેલાં મોહિની દીદીએ દિલ્હી યુનિવર્સિટીમાંથી શિક્ષણ મેળવ્યું છે એમણે ઈતિહાસ રાજનીતિ વિદ્યા અને પત્રકારિતા કલામાં સ્નાતકની ડીગ્રી મેળવી છે. એના પહેલાં આપ ઉત્તર અને દક્ષિણ અમેરિકા અને કેરેબિયનમાં બ્રહ્માકુમારીઝના ક્ષેત્રીય ડાયરેક્ટર રહ્યાં છો.


॥ ૐ શાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

## 13 એપ્રિલ, 2025માં મેનેજમેન્ટ કમીટીએ લીધેલા નિર્ણયો



**રાજયોગિની બી.કે. મોહિની**
મુખ્ય પ્રશાસિકા



**રાજયોગિની બી.કે. જયંતિ**
અધિક મુખ્ય પ્રશાસિકા



**રાજયોગિની બી.કે. મુન્ની**
અધિક મુખ્ય પ્રશાસિકા

**રાજયોગિની બી.કે. સુદેશ** - સંયુક્ત પ્રશાસિકા
**રાજયોગિની બી.કે. શશી** - સંયુક્ત પ્રશાસિકા
**રાજયોગી બી.કે. વૃજમોહન** - સેક્રેટરી જનરલ
**રાજયોગી બી.કે. કરુણા** - અધિક સેક્રેટરી જનરલ
**રાજયોગી બી.કે. મૃત્યુંજય** - અધિક સેક્રેટરી જનરલ
**રાજયોગી ડો. બી.કે. પ્રતાપ** - અધિક સેક્રેટરી જનરલ

# ઓલરાઉન્ડ વિશ્વ સેવાધારી, પ્રેરણામૂર્ત, પારસ વ્યક્તિત્વ એટલે દાદી રતન મોહિનીજી

બ્ર.કુ. ચંદ્રિકાબેન, ઉપાધ્યક્ષ, યુવા પ્રભાગ, મહાદેવનગર, અમદાવાદ



પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના મુખ્ય પ્રશાસિકા દાદી રતન મોહિનીજી નાની ઉંમરે બાબાના બની યજ્ઞના આરંભથી જ યજ્ઞમાં રહ્યા. વળી આદિ રત્નોમાંથી એક માત્ર દાદી રતનમોહિનીજી આપણી વચ્ચે હતા અને તેઓએ પણ તારીખ 8 એપ્રિલ 2025ના રોજ આપણી વચ્ચેથી વિદાઈ લીધી. દાદીજી સાથેના અનુભવોને આપની સમક્ષ રજુ કરવા માટે મારા મનમાં ઉમળકા સાથે અનંત યાદોની લહેરો ઉઠી છે. અત્રે કેટલીક સ્મૃતિ ધારાઓને વહેતી કરી છે.

**દાદીજીનું સચોટ માર્ગદર્શન મળ્યું -** વર્ષ 1969ની વાત છે. મધુબનની પાવન ભૂમિમાં કોલેજમાં ભણતી કુમારીઓ માટે પ્રથમવાર એક મહિના માટે આધ્યાત્મિક તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. દાદીજી તાલીમ આપવાવાળા મુખ્ય ટીચર પૈકી એક હતા. મારું પરમ સૌભાગ્ય રહ્યું કે ઈશ્વરીય જીવનમાં પદાર્પણ કરતાની સાથે જ કુમારીઓને મળતી તાલીમમાં જોડાવવાનું અને આદરણીય રતનમોહિની દાદીજીનું માર્ગદર્શન પ્રાપ્ત કરવાની સ્વર્ણિમ તક મળી. દાદીજીની પરખશક્તિ ખૂબ જ તીક્ષ્ણ હતી. કદાચ મારામાં કોઈ વિશેષતા જોઈને જ તાલીમાર્થીઓમાંથી મને પસંદ કરી મોનીટર બનાવી. તાલીમ શિબિરમાં મળેલી જવાબદારીના કારણે લીડરશીપની વિશેષતા વિકસિત થઈ, મારામાં રહેલો આત્મ-વિશ્વાસ વધ્યો, હિમ્મત વધી. વળી દાદીજીનું



માર્ગદર્શન પણ સચોટ હોય તેથી ઘણી બધી વિશેષતાઓમાં ચમક આવી.

**મુંબઈમાં પણ દાદીજીનો સાથ મળ્યો -** તાલીમ બાદ પ્યારા બાપદાદાએ મારો પ્રોગ્રામ મુંબઈનો બનાવ્યો. કોલાબા સેન્ટર પર ઈશ્વરીય સેવાર્થે જવાનું થયું. ત્યાં પણ મને દાદીજી સાથે સેવા કરવાનો શુભ અવસર મળ્યો. દાદીજીનો હર હમેશા સાથ - સહયોગ મને મળતો રહ્યો. આધ્યાત્મિક જ્ઞાનની રજૂઆત મનોવૈજ્ઞાનિક કે સૈદ્ધાંતિક રીતે કરી શકાય એ દાદીજીના વક્તવ્યમાંથી મને શીખવા મળ્યું.

ડ્રામામાં વિશેષ પાર્ટ નોંધાયેલો હોવાથી વર્ષ 1985 માં ભિન્ન-ભિન્ન વર્ગોની સેવાનું આયોજન થયું. સંસ્થાની પહેલી વિંગ યુવા વિંગની રચના થઈ. વિંગનું સુકાન દાદીજીને સોંપવામાં આવ્યું. ત્યારે મને રાષ્ટ્રીય સંયોજીકાની જવાબદારી મળી. સંસ્થાની પ્રથમ વિંગ દ્વારા વિહંગ માર્ગની સેવાની શુરૂઆત યુવા પદયાત્રાથી થઈ. ત્યારબાદ અનેક સેવા યોજનાઓ, અભિયાનો, સંમેલનો,

યાત્રાઓનું આયોજન અવારનવાર થતું રહ્યું. મેનેજમેન્ટ, પ્લાનિંગ, વિષયોનું જ્ઞાન, સેવાની વિધિ, મેટર બનાવવી, સેવા યોજનાનો લોગો બનાવવો જેવી વિશેષ બાબતો માટે દાદીજીનું સચોટ માર્ગદર્શન મળતું રહ્યું. તેથી જ મારામાં ઘણી બધી કળાઓ ખીલતી ગઈ છે. મને રાષ્ટ્રીય સ્તરે સેવા કરવાનો મોકો મળવાથી ભારતભરની મુખ્ય બહેનો - સાથી બહેનો સાથે સેવા કરવાની તક પ્રાપ્ત થવી એ પણ મારું સૌભાગ્ય રહ્યું છે.

**પ્રેરણાદાયક પારસ વ્યક્તિત્વ એટલે દાદીજી -** હું માનું છું કે આદરણીય દાદી રતનમોહિનીજી એક એવું પ્રેરણાદાયક વ્યક્તિત્વ છે, એક પારસ કહી શકાય એવી મણી છે જેના દ્વારા મારા જેવી હજારો કન્યાઓના જીવનમાં પ્રકાશ પથરાયો, એમનું જીવન પણ પ્રેરણાદાયી વ્યક્તિત્વ બન્યું છે. વાસ્તવિકતા એ છે કે દાદીજીના જીવનના અનુભવોની અનેક ગાથાઓ છે, જે અનેકો દ્વારા અવાર નવાર લખાતી રહેશે. સારાંશમાં હું એટલું જ કહીશ કે રતનમોહિની દાદીજીનો ઓલ રાઉન્ડ પાર્ટ રહ્યો. દાદીજી સૌને સ્નેહની સાથે-સાથે સહયોગ પણ આપતા રહ્યા. તેથી તેઓ અનેકગણી દુઆઓના ધણી રહ્યા. સમયાંતરે મળેલી જવાબદારીઓમાં તેઓ સદા હળવા (ડબલ લાઈટ) રહ્યા. પોતે વિશેષતા સંપન્ન તો હતા જ પણ બીજાની વિશેષતાઓને સેવામાં લગાડી તેમને પણ વિશેષતા સંપન્ન ટીચર કે સેવાધારી બનાવ્યા. તેથી વિશ્વમાં સંસ્થાને વિશાળ સફળ સંસ્થાના સ્વરૂપે પ્રત્યક્ષ કરવામાં એમનો સિંહફાળો રહ્યો.

સમયની બલિહારી તો જુઓ દાદીજીનો દેશ વિદેશની સેવામાં વિશેષ પાર્ટ રહ્યો, તેથી એમની અંતિમ પળોમાં પણ વિશેષ વિદેશી બહેનો પણ ઉપસ્થિત હતા. યજ્ઞ ઈતિહાસમાં પહેલીવાર વાર્ષિક મીટીંગમાં બધા જ ખંડોના પ્રતિનિધિઓ ઉપસ્થિત હતા. વર્ષમાં એક વાર થનારી યજ્ઞની વાર્ષિક મિટિંગમાં બધા ઝોન, સબઝોન, વિંગ્સના પદાધિકારી મળતા હોય છે. આખા વર્ષની સેવાઓનું આયોજન થતું હોય છે. આ વિશેષ મિટિંગ વચ્ચે જ ડ્રામામાં અદ્ભુત દૃશ્ય અચાનક આવ્યું, વિશ્વના બધા ખંડોના પ્રતિનિધિ ઉપસ્થિત હોય એવી યજ્ઞની વાર્ષિક મિટિંગ સમયે જ આદરણીય દાદીજીએ વિદાઈ લેવી એ પણ દાદીજીની યજ્ઞ પ્રત્યેની આંતરિક ભાવનાઓનો શ્રેષ્ઠ પડઘો કે એમની દેશ-વિદેશમાં કરેલી સેવાની પ્રતીતિ છે, સમય કે પ્રકૃતિ પર જીતનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

દાદીજી યજ્ઞના આધાર સ્તંભ હતા, અંતિમ સમય સુધી દાદીજી સંપૂર્ણ, કર્માતીત અવસ્થા, સતોપ્રધાન અવસ્થામાં જ હતા. ભલે અંતિમ કેટલાક સમયથી કોઈની સાથે વાતચીત કરતા ન હતા પરંતુ તેમના ચેહરા પરનું રુહાનીયત સંપન્ન સ્મિત, તેમની દૃષ્ટિ દ્વારા સ્નેહ અને શક્તિનો અનુભવ થતો હતો. પ્રાકૃતિક રીતે જોઈએ તો 100 વર્ષની આયુ હોય તો શરીરમાં કંઈક તો તકલીફ હોય તેમ છતાં તેઓએ ક્યારેય પણ દુઃખ કે શારીરિક પીડાનું ન વર્ણન કર્યું કે ન તેઓએ ચહેરા પરથી મહેસૂસ થવા દીધું. આ દાદીજીની જે ગુપ્ત તપસ્યા છે, દાદીજીના જીવનમાં જે પ્રેક્ટીકલ ધારણાઓ છે, એમની વિશેષતાઓ છે, એ આપણા જીવનમાં ધારણ કરવાનો સંકલ્પ કરીએ, એ જ દાદીજી માટે સાચી શ્રદ્ધાંજલિ છે. **હું તો એમ જ માનું છું દાદીજીનો સેવાનો પાર્ટ પરિવર્તિત થયો છે, દાદીજી આપણી સાથે હતા, સાથે છે અને દરેક સેવાકાર્યમાં આપણી સાથે જ રહેશે. એમની શતાયુ સ્વર્ણિમ જીવનયાત્રાને શત શત નમન !** ॥ઓમશાંતિ॥

# સંપન્નતા અને સંપૂર્ણતાનો અનુભવ

રાજયોગિની દાદી પ્રકાશમણિજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



હું પોતે સ્વયંને પૂછું છું કે મારું સંપૂર્ણ કનેક્શન બાબા સાથે છે? બાબા સાથે મારી બુદ્ધિની લાઈન ક્લીયર છે? બાબા મારાથી સદા સંતુષ્ટ છે? બાબા પાસે મારી કોઈ કમ્પલેઈન તો આવી નથી ને? મારામાં કોઈ અણુ જેટલો પણ દાગ તો નથી ને?

હું મારા ડાયમંડને પોતાનાં નેત્રોની સામે લાવીને એને દિવ્ય નેત્રથી જોઉં છું કે મુજ ડાયમંડમાં હજુ સુધી કોઈ ક્ષતિ તો નથી ને? જેમ હીરાને આઈ લેન્સથી જોવામાં આવે છે, તો હું ગ્લાસમાં સ્વયંને જોઉં છું. મારા બાબા મારા માટે આઈ લેન્સ છે. હું બાબાની પાસે ઉપર ચોટી પર બેસીને જોઉં છું કે બાબાના ગુણો સમાન મારામાં સર્વગુણો ભરેલા છે કે નહીં? જ્યારે બાબાએ મને સાચી ડાયમંડ બનાવી છે તો મુજ ડાયમંડમાં કોઈપણ દાગ રહેવો ના જોઈએ હું સદા બે શબ્દોનું ધ્યાન રાખું છું. 1. અત્યારે (અભી) 2. સર્વ (સબ) અગર કોઈ દાગ-ખામી છે તો એને અત્યારે જ કાઢવાની છે. અને બધા દાગ કાઢવાના છે.

કેટલીકવાર એવું લાગે છે કે બાબા મારા કાનમાં કહે છે બેટી, તમારી રીત છે એક સેકંડમાં પક્ષી બનીને ઉડી જઈશું હું એક સેકંડનું પંખી છું. આ સેકંડ, આ મિનિટ, દિવસ વીત્યા, રાતે સૂઈ ગયા, સવારે ઉઠ્યા તો મારી આ સેકંડ, મિનિટ, કલાક કેટલા કમાણીમાં જમા થયા? રોજ હું આ ચેક કરું છું.

બાબા આપણને સ્લોગન આપે છે કે બાળકો, તમારા દ્વારા બીજાઓનું ભલું, તમારી ચઢતી કળા અર્થાત્ સર્વનું ભલું. હું હંમેશા વિચારું છું કે મારી એક એક સેકંડ કમાઈમાં વીતી, એવું નહીં અલબેલા બનીને રાતે સૂઈ ગયા, દિવસે ખાધું હસવા બહેલવામાં દિન રાત પૂરાં થયાં. મને તો થાય છે કે આ સંગમના થોડા દિવસો કેટલા મહાન છે. આ ગણત્રીના જ દિવસો છે. આ કેટલા મૂલ્યવાન દિવસો છે. એવું વિચારીને અંદર સંપન્ન બનવાની મહેનત કરું છું. એ લક્ષ્ય રહે છે કે મારે તો બાપ સમાન કર્માતીત બનવાનું છે. તે માટે સંપૂર્ણ ત્યાગ કરવાનો છે, સંપૂર્ણ તપસ્યા, સંપૂર્ણ સેવા મારે કરવાની છે. મારી સંપૂર્ણ લગન બાબા સાથે હોવી જોઈએ. બીજું હું સર્વશક્તિવાન બાપની બેટી છું. તો મારામાં સર્વ શક્તિઓ હોવી જોઈએ.

હું એ જોઉં છું કે મારામાં સર્વના માટે શુભભાવના છે ? શુભભાવના, સચ્ચાઈની આજ નહીં તો કાલે રેકોર્ડ વાગશે. મારા બાબા ચોટી (શિખર) પર છે તો હું શા માટે નીચે આવું?

બાબાએ સેકંડમાં સંકલ્પોને સ્ટોપ કરવાની શક્તિ આપી છે. હું અત્યારે સમય અને શક્તિને વેસ્ટ કરતી નથી. મારું લક્ષ્ય માત્ર પુરુષાર્થ પર છે.

॥ ઓમશાંતિ ॥

**જરા વિચારીને અનુભવ કરો કે ... તમને ભગવાને પોતાના અધિકારી બનાવ્યા છે. એમણે તમને સર્વશક્તિઓ પ્રદાન કરેલી છે. તો વિચારો એણે તમને કેટલા યોગ્ય સમજ્યા હશે. એટલે તમે માયાને આધીન કરનારા વૈભવોને કઈ રીતે આધીન થઈ શકો છો?તમે ઈષ્ટ કોઈ સંસ્કારના આધીન કઈ રીતે થઈ શકો છો? જો તમે કોઈ મનુષ્યને આધીન રાખો છો તો જરૂર તમે પણ ક્યાંક આધીન છો.**

# બચતનું ખાતું કઈ રીતે વધારીએ ?

રાજયોગિની દાદી હૃદયમોહિનીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ



બાબાએ વિશ્વકલ્યાણની જવાબદારીનો તાજ આપ સૌને આપ્યો છે. જ્યારથી બ્રહ્માબાબાએ આ તાજ રાખ્યો છે, નિમિત્ત ટીચર્સને બનાવી છે. મૌન રાખવું સૌથી સારું છે. એના ફાયદાઓ છે. મૌનમાં મનસા સેવા કરશો તો આપનો સમય બચી જશે. શરૂઆતમાં મૌન ભઠ્ઠીના અંતર્ગત જ આ સૂક્ષ્મ રહસ્ય ખૂલ્યું હતું. તો મૌનમાં રહેવાથી જે સમય બચશે એમાં મનસા સેવા કરવાની છે. યોગ કરવાથી સર્વ બચત થઈ જશે. લોકો તો સ્થૂળ ધન બચાવે છે, પરંતુ આપણો મુખ્ય ખજાનો છે સંકલ્પ શક્તિ. કારણ કે યોગનો આધાર જ સંકલ્પ શક્તિ છે. સંકલ્પ શક્તિના આધારથી જ આપણો યોગ લાગી શકે છે. મન સાફ થશે તો જ્ઞાનનું મનન-ચિંતન કરી શકીશું. જ્ઞાન તો સાંભળી લીધું પરંતુ જ્યાં સુધી જ્ઞાનનું મનન કરશો નહીં ત્યાં સુધી તે આપણું બનશે નહીં. બાબાએ જે જ્ઞાન ખજાનો આપ્યો છે એ ખજાનાને મનન શક્તિ દ્વારા જ પોતાનો બનાવી શકો છો. સમય પણ આપણો સૌથી મોટો ખજાનો છે. આપણો સમય ત્યારે જ સફળ થઈ શકે, જ્યારે આપણું મન સ્વસ્થ હશે તો બુદ્ધિને પણ સારી કરી શકીશું. તો બધો આધાર આપણી સંકલ્પશક્તિ પર છે.

જે આ મસ્તિષ્કની એનર્જી છે તે પણ આપણો ખજાનો છે. દિમાગની એનર્જીને ગમે તેમ વેડફી દેતાં તેનો પ્રભાવ આપણા શરીર પર પડે છે. જે વધારે બોલે છે અને વધારે દિમાગ ચલાવે છે એના દિલ અને દિમાગ કમજોર બને છે. કારણ કે તે એનર્જી ગુમાવી દે છે. એનાથી યોગ પણ લાગશે નહીં. મૂડ ઓફ થઈ જશે. દિમાગની એનર્જી પણ આપણો ખજાનો છે. તે આપણે કદી ગુમાવવાનો નથી.

કેટલાકને યોગનો અનુભવ ઓછો થાય છે. દિમાગની એનર્જી ફાલતૂ વાતોમાં અને નાનકડી વાતને મોટી કરવામાં વેસ્ટ જાય છે. તે કોઈ વાતમાં સંતુષ્ટ નહીં હોય કારણ કે દિમાગ કમજોર છે. એટલે કોઈ વાત દિમાગમાં આવશે જ નહીં. તો કદી પણ પોતાના દિમાગની એનર્જી વેસ્ટ કરશો નહીં. નાની વાતને મોટી નહીં કરો તો એનર્જી જમા રહેશે. જો એનર્જી વેસ્ટ જાય છે તો ન તો જ્ઞાન બુદ્ધિમાં આવશે, ન મનન શક્તિ વધશે. ન યોગ લાગશે. જો યોગ નહીં લાગે તો બ્રાહ્મણ જીવનનું સુખ લઈ શકશો નહીં. એટલે એની બહુ સંભાળ રાખો, બુદ્ધિને જરા પણ વ્યર્થ વાત ટચ ન કરાવો. આવો દિવ્ય, અલૌકિક જન્મ મળ્યો છે તો તેનો લાભ ઉઠાવીને જીવનને ધન્ય બનાવીએ.

॥ ઓમશાંતિ ॥

**જરા વિચારીને અનુભવ કરો કે ... માત્ર ખાન-પાન રહન-સહન તમારા જીવનનું લક્ષ્ય નથી. એટલે એમાંજ પોતાનો સંપૂર્ણ સમય શક્તિઓ લગાવવી તે બુદ્ધિમાની નથી. જે યોગી એની પાછળ પોતાની સંકલ્પ શક્તિને વ્યર્થ કરે છે તે સ્વયંને સમય પર નિર્બળ અનુભવે છે. તમે મહાન છો. આ વિશ્વની શાન છો. તમને સમગ્ર સંસાર જોઈ રહ્યો છે. તમે અહીં કંઈક જોવામાં વ્યસ્ત થઈ જશો નહીં. એક દિવસ આવશે, તમારા દર્શનથી જ લોકોને શાંતિ પ્રાપ્ત થશે.**

# જેવો નિશ્ચય હશે તેવું સ્વરૂપ હશે

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



વિદેહી બનવા માટે સદા એ વિચારો કે હું ફરિશ્તા છું. ચાલતાં-ફરતાં, ઉઠતાં-બેસતાં ફરિશ્તાની ચાલે ચાલો. આપ જાણો છો સિંહ અને ઉંદર કઈ રીતે ચાલે છે. દરેક પશુની ચાલ એના નિશ્ચય મુજબની છે. હાથીની ચાલ મસ્ત છે. તે સમજે છે કે હું ઘણો શક્તિશાળી છુ. કોઈએ કહ્યું છે કે મનુષ્યને ઓળખવો હોય તો એની બોલચાલ, ચાલવાની રીત અને પગડીને જુઓ. આ ત્રણે ચીજોથી વ્યક્તિની ઓળખ થાય છે. એ રીતે જે બ્રહ્માવત્સ વિચારે કે હું ફરિશ્તા છું. એના આધારે તેની સ્થિતિ બને છે. એક આખો દિવસ હું ફરિશ્તા છું આ વિચારીને જુઓ. આપ ઉડવા લાગશો. એક દિવસ વિચારો કે હું જાડો આદમી છું, હું ભારે આદમી છું એ દિવસની પોતાની અવસ્થા જોઈ લો. આપને ઘણું ભારે દેહ અભિમાન થશે. આ એક સ્મૃતિ છે, જાગૃતિ છે કે હું ફરિશ્તા છું. આને બાબા કહે છે કે લાઈટના કાર્બમાં સ્વયંને સમજો. પોતાને એ સ્વરૂપમાં જુઓ યા યોગીના સ્વરૂપમાં જુઓ કે કમલ આસન પર બેસીને પરમાત્મા સાથે મિલનની લગનમાં મગન છું. પરમાત્માની યાદનો આનંદ લઈ રહ્યો છું. એમાં તલ્લીન છું. સ્વયંને આ સ્વરૂપમાં જુઓ. જેવું વિચારશો તેવું દૃશ્ય આપની સમક્ષ આવશે. જીવન દર્શન છે. ફિલોસોફી છે. આપ પોતાને કઈ રીતે જુઓ છો. બાબા કહે છે આપ સ્વયંને સમજો કે હું ફરિશ્તા છું. જેનાથી આપને યાદ આવશે કે ફરિશ્તા કોને કહેવાય છે. હું લાઈટ છું, માઈટ છું આની વારંવાર સ્મૃતિ અપાવો. એનાથી જ આપણી વિદેહી અવસ્થા લાઈટ અને માઈટની અવસ્થા બનશે.

ત્રીજી છે વિકર્મ વિનાશની અવસ્થા. એના માટે બાબાએ કહ્યું છે કે તપસ્યા કરો. આપણા ઉપર 63 જન્મોનાં વિકારોનો બોજો છે. એટલે બાબા કહે છે કે વિકર્મ વિનાશક અવસ્થાને ધારણ કરી વિકર્મોને ભસ્મ કરો. બાબા કહે છે કે તપસ્યા કરો. તપસ્વી કુમાર બનો. સાધન નહીં સાધના કરો. વધારે સાધનો એકઠાં કરવાની કોશિશ ના કરો. સાધના ઉપર ધ્યાન આપો. જે સિધ્ધિ મળશે તે સાધનોથી નહીં, સાધનાથી મળશે. બાબા કહે છે કે આ અવસ્થા બનાવવા માટે કોઈપણ વસ્તુ, વ્યક્તિ અને વૈભવ પ્રત્યે આસક્તિ ના હોય. ફરિશ્તા બનવા માટે વિદેહી બનવા માટે આસક્તિ અને ઝૂકાવ સાંકળો (જંજીર) છે. આ ઉડવા દેશે નહીં. આ બંધન છે. ચોથી વાત છે કે સ્વયંને સમજો કે હું પાવર હાઉસ છું. બીજાઓને પણ લાઈટ માઈટ આપનાર છું. મારાં નેત્રો જે પણ જુએ, મારી વાણી જે પણ સાંભળે, મારા સંબંધ સંપર્કમાં જે પણ આવે એમને શક્તિ, કરંટ મળવાની શરૂઆત થાય.

પાંચમી વાત છે એક બાપ દૂસરા ન કોઈ. આ અવસ્થાથી જ આપણામાં સત્યતાની શક્તિ આવશે. બાપ સત્ય છે એના બનીને રહેવાથી આપણામાં શક્તિ આવશે. એનાથી આપણી વિકર્મ વિનાશક અવસ્થા બનશે. ॥ **ઓમશાંતિ** ॥

- **ખુશી અને ઉત્સાહ એ સફળતાનો આધાર છે.**
- **ખુશીપૂર્ણ વ્યવહાર દુશ્મનને પણ મિત્ર બનાવી શકે છે.**
- **ખુશીની તુલનામાં ધન, સત્તા, સંપત્તિ ફિક્કા છે.**

### પ્રસન્નતાના પથ પર

# પોતાના વિચારોને કહો - જરા થોભો

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



જ્યારે આપણે સૂઈને સવારે ઉઠીએ તો શરીર પહેલાં મન ઉઠી જાય છે. કેટલીયે વાર તો મન રાતે પણ સૂતું નથી. તે રાતે પણ ગતિશીલ રહે છે. જેને આપણે સ્વપ્ન કહીએ છીએ. સવાર થતાં ઊંઘ ઉડી ગઈ, તો મસ્તિષ્કમાં પહેલાં પહેલાં કયા વિચારો જન્મે છે? જલ્દી કરો, મોડું ન થઈ જાય, પાણી ભરવાનું છે. પછી બાળકોને સ્કૂલે જવાનું મોડું થશે. તેમને ઉઠાડવાના છે. તૈયાર કરવાના છે. આ સર્વ વિચારો આપણે પેદા કરીએ છીએ. હવે થોડા થોભો. ક્ષણભર માટે વિચારોને જુઓ અને એવું વિચારો કે શા માટે પાણી ચાલ્યું જશે. ઉઠીને જલદીથી ભરી દઈએ છીએ. વિચારવામાં શા માટે સમય બગાડવો?

આપણે દરેક પળે પોતાના વિચારો પ્રત્યે સજાગ રહેવાનું છે. જેમ આપણે કદી અન્ય લોકોને પૂછીએ છીએ કે શું હાલ-ચાલ છે? એ રીતે આપણે દરેક પળે આપણા મનના હાલચાલ પૂછીએ. કોઈની અંદર એ ચાલી રહ્યું હશે કે કોણ આવી રહ્યું છે? કોણ જઈ રહ્યું છે. કોઈના મનમાં એ ચાલે છે કે બાળકો આવી ગયાં હશે. પતિ આવી ગયા હશે. ચા પીધી હશે કે નહીં. કોઈ એવું વિચારી રહ્યું હશે કે એમના ગયા પછી જમવાનું છે. કેટલીયે વાર આપણે મનના વિચારો તરફ ધ્યાન આપતા નથી. આ રીતે વિચારોનો પ્રવાહ ચાલતો જ રહે છે. જ્યારે આપણને એ જ ખબર નથી કે મનમાં શું ચાલી રહ્યું છે ત્યાં સુધી તેને બદલવાનું સંભવ નથી.

કલ્પના કરો સવારે નાસ્તો કરતી વખતે પતિ-પત્ની વચ્ચે કોઈ વાતમાં ચડસા ચડસી થઈ ગઈ. આપના પતિ યા પત્ની કામ પર ચાલ્યાં ગયાં, તે પછી સંઘર્ષ ભૂલાઈ ગયો. પણ મનમાં એની સાથે જોડાયેલા ખ્યાલ તો ચાલતા રહ્યા. હવે એને કઈ રીતે બદલીશું ? એમણે જે કહ્યું છે તે એકવાર કહ્યું છે. આપને કોઈએ એકવાર કોઈ વાત કહી પણે આપે આપના મનમાં તેનું કેટલીયે વાર પુનરાવર્તન કર્યું તો આપણે થોભીને વિચારો ઉપર બ્રેક લગાવવાની છે. નહીં તો તે ઓવરસ્પીડ બની જશે. જો મન સારું નહીં થયું હોય તો નાની નાની વાતો પણ તકલીફ આપશે.

હવે આપણે થોભીને એ ચેક કરવાનું છે કે શું આપણે મન પર બ્રેક લગાવી શકીએ છીએ. જો સંભવ છે તો શા માટે બ્રેક લગાવતા નથી. કારણ કે આપણે ઈચ્છતા જ નથી. આપણે વિચારીએ છીએ કે સામાવાળાની ભૂલ જ એટલી મોટી હતી કે એના વિશે ખોટું વિચારવાનું સ્વાભાવિક હતું.વાસ્તવમાં આપણે વ્યર્થ વિચારો ઉપર બ્રેક લગાવવી જ જોઈએ. **॥ ઓમશાંતિ ॥**

- **વ્યક્તિની ઓળખ તેના ગુણોથી જ થાય છે, ગુણવાન વ્યક્તિને સર્વત્ર માન-સન્માન મળે છે.**
- **સજ્જનો કંઈ બોલ્યા વિના જ બીજાનું ભલું કરે છે. જેમ સૂર્ય ઘર ઘર પ્રકાશ આપે છે.**
- **પૃથ્વી પર ત્રણ રત્નો છે પાણી, અન્ન અને સુભાષિત પણ અજ્ઞાનીઓ પથ્થરના ટૂકડાને જ રત્ન સમજે છે.**
- **તમારી ઈચ્છાઓ જ આશા બની જાય છે.**

# આબુ વિશ્વ માટે લાઈટ હાઉસ છે

## બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ



બાબાએ બહુ પહેલાં જ કહી દીધું હતું કે જ્યારે અંત આવશે ત્યારે પ્રકૃતિનાં પાંચ તત્વો આક્રમણ કરશે. પાંચે વિકારો આક્રમણ કરશે. ભટકતા આત્માઓ પણ આક્રમણ કરશે. કુદરતી આપદાઓ આવશે. તે લોકોને ભ્રમિત કરશે. મારી પાસે રોજ ફોન આવે છે કોઈને કોઈ ભાઈ-બહેનના, જેઓ કહે છે કે બાબા તો રોજ મુરલી દ્વારા આપણી સાથે વાતો કરે છે. તો મેં પૂછ્યું બાબા કઈ વાતો કરે છે? એમણે જણાવ્યું કે મુરલી સાંભળવા જશો નહીં. તો મેં પૂછ્યું તમે શું કર્યું? તો તેમણે કહ્યું મેં મુરલી સાંભળવા જવાનું બંધ કરી દીધું, કારણ કે શ્રીમત મળી ગઈ. મેં કહ્યું, ભોળી બહેન બાબા તો રોજ કહે છે મુરલી સાંભળો તો શું તેઓ એમ કહેશે કે મુરલી ન સાંભળો. બીજાનો ફોન આવ્યો કે બાબા મારા કાનમાં બહુ વાતો કરે છે. પણ કોણ જાણે એ પછી મને ડર કેમ લાગે છે? મેં કહ્યું આમ કરવાથી તો ભટકી જશો માટે અસલી યોગ (રાજયોગ) શીખો. ભારતમાં આ ખેલ ચાલી રહ્યો છે. લગભગ દસ જગાએ બાબાના આવવાનો ખેલ ચાલી રહ્યો છે. વાસ્તવિકતાને જાણો. આ બાબા હોતા નથી.

બાબાના રૂપમાં ઘણાને માયા આવે છે. બાબા એ વાત કહેતા હતા, હવે આ પ્રકોપ વધતો જવાનો છે. જ્યાં ત્યાં આત્માઓ સાચો રસ્તો ભૂલી ગયા છે. બાબા આવી રહ્યા છે, બાબા આવી રહ્યા છે. બાબા શબ્દ જ એવો છે કે જેમાં મોટું આકર્ષણ છે. જેની તરફ રાહ ભૂલેલા લોકો ખેંચાઈ જાય છે. હું આપને જણાવું બાબા અવ્યક્ત થયા ત્યારથી જ અવ્યક્ત પાર્ટ જોયો છે. બાબા જ્યારે અવ્યક્ત થયા ત્યારે 21 જાન્યુઆરીએ બાબાનું આગમન થયું. ગુલઝારદાદી (દાદી હૃદયમોહિની) ના તનમાં કોઈને ખબર નહોતી કે બાબા આવશે, બાબાને ભોગ લગાવ્યો હતો. બાબાએ સમગ્ર યજ્ઞની વ્યવસ્થા જણાવી. આ રીતે યજ્ઞ ચાલતો રહ્યો. કારણ કે બધા વિચારી રહ્યા હતા કે હવે શું થશે? પછી બાપદાદાએ કહ્યું બાપદાદા આવતા રહેશે. જેને નિમિત્ત આત્માઓ નિયુક્ત કરશે. નિમિત્ત અર્થાત્ દીદી મનમોહિની અને દાદી પ્રકાશમણિ જેને આ આત્માઓ નિયુક્ત કરશે તેમના તનમાં બાપદાદા આવશે.

ત્રીજા રથની તો વાત જ નહોતી. લોકો અમને પૂછતા હતા કે ત્રીજો રથ બાબા કેમ લઈ શકતા નથી. હું તો એ સ્પષ્ટ જાણું છું કે બાબાનો આવવાનો પાર્ટ પૂરો થઈ ગયો દાદી ગુલઝારજીના તનમાં. હવે તો બાબા કેટલાક બાળકોને તૈયાર કરી રહ્યા છે. જેઓ બાબાની જયજયકાર કરશે. તેનાથી બાબાની પ્રત્યક્ષતા થશે. વિચારી લો. હું બુદ્ધિવાન આત્માઓ સાથે વાત કરી રહ્યો છું. ભગવાને જે યજ્ઞ રચ્યો છે તે છોડીને બહાર શા માટે જશે? વિચાર કરી લો. આબુ મહાન તીર્થ બનશે. આબુ વિશ્વમાં પ્રસિદ્ધ થશે. લાઈટ હાઉસ બનશે. ભગવાન કોઈ નાની હસ્તી થોડી છે? કેટલાક લોકો એ પણ કહી રહ્યા છે કે બાબા ગુલઝાર દાદીના તનમાં આવી શકે છે તો એમના જ તનમાં શા માટે આવતા હતા? ગુલઝારદાદી સાત જન્મથી પરમ પવિત્ર આત્મા, સર્વશ્રેષ્ઠ યોગી, નિર્મળ, સરળ ચિત્ત જેમનું મસ્તિષ્ક પાવરફુલ હતું.

ભગવાન બીજાના તનમાં કઈ રીતે આવી શકે? બ્રેઈન જ ફાટી જાય. તો તમે થોડા પણ ભ્રમિત થશો નહીં. હવે બહારના કેટલાક કહે છે અમારા તનમાં બાબા આવે છે. એક્ટીંગ પણ તેવી જ કરે છે. બાબાની મુરલીઓ તો ગમે તે રીતે મેળવી લે છે. પણ આમાં ફસાશો તો યોગીજીવનથી ભટકી જશો. જ્યારે સત્ય સામે આવશે ત્યારે તેઓની કેવી હાલત થશે?

અમે જોયું કે મહારાષ્ટ્રમાં એક હેમંતકુમારજી હતા. બાબા એમના તનમાં આવે છે તેવો પ્રચાર થઈ ગયો. એના પ્રભાવમાં આવીને આઠ ટીચર્સ ત્યાં ગઈ. ડાન્સ થઈ રહ્યો છે. રાસ થઈ રહ્યો છે. કોઈએ મોટી જગા આપી પણ બે મહિનામાં જ પોલ ખૂલી ગઈ. આઠ બ્રહ્માકુમારીઓનું જીવન બરબાદ થઈ ગયું. કોઈએ આત્મહત્યા કરી દીધી. કોઈએ લગ્ન કરી લીધાં. તેઓ રડી રહ્યાં છે કે અમે આ શું કરી દીધું. ભગવાનને ઓળખ્યાં નહીં. વિચારો. બાબા તો કહે છે કે મને તો ત્રણ ડગલાં પૃથ્વી પણ મળતી નથી. અને તેઓ કહી રહ્યા છે કોઈ એ સાત એકર જમીન આપી. કોઈએ આ કરી દીધું. આત્માઓ કામ તો જરૂર કઢાવી લે છે. પરમાત્માનું આ કામ નથી. બ્રહ્માનું એ કામ નથી. તે તો આ સૃષ્ટિને તેના નિયમ પ્રમાણે ચાલવા દે છે આ વાતો ઉપર વિચાર કરો. ભગવાન શું આટલા સસ્તા છે?

પ્રેત આત્માઓનો પ્રકોપ ખરાબ રીતે આ સંસારને પોતાની ઝપટમાં લઈ રહ્યો છે. બાબાએ આ બધું પહેલાંથી જ કહી દીધું હતું. હા, કોઈ સારા આત્મા પણ હોઈ શકે છે. કોઈ કારણથી મૃત્યુ બાદ તેને શરીર મળ્યું નથી. આવા આત્માઓ પોતાનો પાર્ટ પ્લે કરી રહ્યા છે.

આપ સૌને એ કહીશ કે બુદ્ધિમાન બનો, પોતાનું ભાગ્ય બનાવો. જે અસંતુષ્ટ છે તે ભટકે છે. જે યજ્ઞે એમને પાળી-પોષીને મોટા કર્યાં એ યજ્ઞને તમે છોડી રહ્યા છો? એના પરિણામનો વિચાર કરો. બાબાની દૃષ્ટિ આવા આત્માઓ પરથી દૂર થઈ જશે. હવે તો બાબાના યજ્ઞનો જયજયકાર થશે. આવી પરીક્ષાઓમાં આપણે મજબૂત બનવાનું છે. ક્યાંય ભ્રમિત થવાનું નથી. જેથી આપ બાબાની છત્રછાયામાં રહી શકો અને આવનાર સમયમાં હીરો તરીકે પાર્ટ બજાવી શકો.

**॥ ઓમશાંતિ ॥**

**(પેજ નં. 17નું અનુસંધાન)... પરમાત્માના હૃદય**

અંદરની શ્રેષ્ઠ ભાવના હતી, એ ઘણા સમય સુધી અમોએ અનુભવ કરી છે.

સામાન્ય રીતે ચોક્કસ ઉંમર પછી માણસ કોઈના ઉપર જવાબદારી નાખી નિશ્ચિંત થઈ જતા હોય છે, પરંતુ દાદીજીએ જીવનસંધ્યાના છેલ્લા પડાવ સુધી, શરીરે જ્યાં સુધી સાથ આપ્યો ત્યાં સુધી સાચા અર્થમાં યુવા પ્રભાગના અધ્યક્ષ તરીકેની જવાબદારી યુવાદીલીથી સો ટકા નિભાવી છે.

હું એક સામાન્ય સેવાધારી હોવા છતાં નિયતીએ પરમાત્માના હૃદયને મોહી લેનાર નિખાલસ, નિર્મલ ઉમંગ-ઉત્સાહના ધણી, યુવા હૃદયના સમ્રાટ, અનેક કન્યાઓ માટેના પ્રેરણા સ્ત્રોત એવા શતાયુ યુવારતન મહાન રતનમોહિની દાદીજી માટે સ્વર્ણિમ પળોને લખવા માટે જે સુવર્ણ સંધિ પ્રાપ્ત કરાવી, તેથી હું નિયતિનો, જ્ઞાનામૃત પરિવારનો, યુવા પ્રભાગનો જેના કારણે દાદીજી સાથે સમય સફળ કરવાનો શુભ અવસર પ્રાપ્ત થયો, દિલથી આભાર વ્યક્ત કરું છું અને દાદીજીને સ્નેહ સંપન્ન શ્રદ્ધા સુમન અર્પણ કરું છું. આજે પણ મારા જેવા યુવાઓ માટે દાદીજી અજરામર છે. પુનઃ કોટી કોટી વંદન.

**॥ ઓમશાંતિ ॥**

## પરમાત્માના હૃદયને મોહી લેનાર નિખાલસ, નિર્મલ શતાયુ યુવા રતન

# રાજયોગિની રતનમોહિની દાદીજી

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ



મેં સંગમ ભવન, તળેટી, આબુ રોડમાં સાપ્તાહિક રાજયોગ મેડીટેશન કોર્સ પૂરો કર્યો. ત્યાર પછી બ્રાહ્મણ જીવનની ડાયરીમાં અનેક અનુભવોના પાના રોજેરોજ જોડાઈ રહ્યા હતા.

15મી ઓગસ્ટ, રક્ષાબંધનનો દિવસ. હું ધ્વજવંદન પછી સ્પર્ધા માટે સ્કૂલમાં બાળકોને પ્રેક્ટિસ કરાવી રહ્યો હતો. સવારના 11:30 થઈ ગયા હતા. મારા બ્રાહ્મણ જીવનની પ્રથમ રક્ષાબંધન હતી. મારા મનમાં અજબની ઉર્જા હતી, ખુશી હતી. કારણ કે બાબાના બેહદ શાંતિવનમાં દાદીઓના કર-કમલથી રાખી બાંધવાનો સ્વર્ણિમ સમય હતો. શાંતિવન જવાનો સમય થઈ ગયો. હું પ્રેક્ટીસને વિરામ આપી બાળકોને જમવા માટેની રજા આપી જલ્દી જલ્દી શાંતિવન પહોંચ્યો. લગભગ 12:30 થવા આવ્યા હતા. મોડું થવાના કારણે શાંતિવનના મુખ્ય ગેટથી દોડતા દોડતા મેડીટેશન હોલ નંબર એક, જ્યાં દાદી પ્રકાશમણિજી, શાંતામણી દાદીજી અને રતન-મોહિની દાદીજી બેઠા હતા, ત્યાં હું હાંફતા હાંફતા પહોંચ્યો. એક-બે ભાઈઓ જ રાખી બાંધવા માટે ઉભા હતા. હું શાંતામણી દાદીજી પાસે ગયો. શાંતામણી દાદીજીએ તિલક લગાવ્યું. પ્રકાશમણિ દાદીજી પાસેથી રાખડી બંધાવી અને છેલ્લે રતનમોહિની દાદીજી પાસે ગયો. દાદીજીએ વરદાન કાર્ડ કાઢી વાંચ્યું. દાદીજી મારી સામે જુએ પછી વરદાન સામે જુએ, જોઈને સ્માઈલ કરે. દાદીજીએ દ્રષ્ટિ આપી વરદાન આપ્યું અને માથે હાથ મૂક્યો. મેં હાથમાં વરદાન લઈ વાંચ્યું, 'આપ સ્નેહ કે સાથ શક્તિ સ્વરૂપ આત્મા હો ઈસલીયે સફલતા આપકા જન્મસિદ્ધ અધિકાર હૈ.'

બાબાના ઘરેથી મળેલું પહેલું વરદાન, દાદીઓની અમી દ્રષ્ટિ એટલે મને તો નશો જ ચઢી ગયો. 15મી ઓગસ્ટ નિમિત્તે સાંજે દેશભક્તિ ગીતોની સ્પર્ધા હતી. હું બ્રહ્માભોજન લઈ ફરી સ્કૂલમાં પ્રેક્ટિસ કરાવવા માટે ગયો. ખબર નહિ કેમ પણ મને સંકલ્પ આવ્યો કે મને મળેલું વરદાન પ્રેક્ટીકલમાં કેટલું સાચું છે એ આજે અજમાવી લઉં. રતનમોહિની દાદીજીની શક્તિશાળી દ્રષ્ટિ, તેમનું રુહાની સ્મિત અને દાદીજીનું વરદાન તરફ ઘડી ઘડી જોવું. એ મારા માનસપટ પર જાગ્રત અવસ્થામાં હતું. મેં એ જ નશામાં બધા બાળકોને દ્રષ્ટિ આપી અને મનોમન સંકલ્પ કરી બાબાને ચેલેન્જ કર્યા કે બાબા તમારું વરદાન આજે કાર્યમાં લગાડી રહ્યો છું. આ વરદાનની શક્તિ, એના પ્રકંપનો હું બાળકોમાં ટ્રાન્સફર કરી રહ્યો છું. જુઓ તે આપેલા વરદાનમાં ખરેખર તાકત છે તો આજે આ બાળકોને સફળતા મળશે જ. અને ખરેખર અદ્ભુત પરિણામ વચ્ચે મારા વિશ્વાસમાં વૃદ્ધિ થઈ. સાંજે રીઝલ્ટ આવ્યું, બાળકોને સમૂહ ગીતમાં પ્રથમ પારિતોષિક મળ્યું. રતનમોહિની

દાદીજીના હસ્તે મળેલું આ પહેલું વરદાન આજ સુધી મને સફળતા અપાવે છે. જ્યારે કોઈપણ સેવા મને સોંપવામાં આવે તો હું કરી શકીશ કે નહીં, મારાથી થશે કે નહી થાય એવો સંકલ્પ પણ મનમાં ઉઠતો નથી. **દાદીજીના મનમાં બાબા, બાબાની સાથે જોડાયેલી દરેક વ્યવસ્થા માટે રીગાર્ડ. સન્માન હતું. એમના મનમાં કેટલો વિશ્વાસ હતો કે વરદાનના આધારે મારું ભવિષ્ય દાદીજીએ એ જ દિવસે જોઈ લીધું હતું.**

એકવાર શાંતિવનમાં કાર્યક્રમ પૂર્ણ થયા બાદ દાદી કોટેજમાં રતનમોહિની દાદીજીના હાથે ટોલી અને સોગાત મળતી હતી. હું જ્યારે ટોલી લેવા માટે ગયો ત્યારે દાદીજીએ મને પ્રશ્ન પૂછ્યો કે બ્રાહ્મણ જીવનના આદિકાળમાં જે ઉમંગ ઉત્સાહ હોય છે તે ધીરે ધીરે કેમ ઓછો કે આથમતો જાય છે? હું તો થોડા સમય માટે મૂંઝાઈ ગયો. આટલા મોટા દાદીજી અને મને સાધારણ રીતે પ્રશ્ન પૂછે છે? પછી મારો ચહેરો જોઈ દાદીજીએ કહ્યું, 'સોચના, ચિંતન કરના કિ ઐસા ક્યું હોતા હૈ?' આ નાનકડા પ્રશ્નએ મારા મનને વિચાર કરવા માટે પ્રેરિત કર્યો અને કદાચ મારા મનને વિચાર સાગરમંથન કરવાની ટેવ ત્યારથી જ પડી છે. આ એક સાધારણ જણાતા અનુભવથી એક વાતનો સ્પષ્ટ અનુભવ થાય છે કે દાદીજી નિખાલસ, નિર્મલ અને દેહી અભિમાની - જેને આજના ભાષામાં કહીએ ડાઉન ટુ અર્થ હતા. તેથી જ તેઓના ચેહરા પર નિખાલસ સ્મિત હંમેશા દેખાતું. આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ સંસ્થાના અથોરીટી વ્યક્તિત્વ, યુવા પ્રભાગના ચેરપર્સન સામાન્ય સેવાધારીને સરળતાથી એક સાધારણ પ્રશ્ન પૂછી લેવો એ મહાન આત્માઓની જ નિશાની હોઈ શકે.

દાદીજી મહાદેવનગર આવ્યા હતા. દાદીજીને અમે મળતા હતા ત્યારે દાદીજીએ મારો હાથ પકડી પૂછ્યું કે મારી ઉંમર કેટલી છે? મેં કીધું 52. દાદીજીએ હસતા હસતા કહ્યું, 'અભી તો આપ બહોત છોટે હો'. મને એમ થયું 95 વર્ષ ઉંમરના દાદીજી સામે તો હું નાનો જ છું. પરંતુ મને પૂછાયેલા પ્રશ્નથી એમના મનમાં 95 વર્ષની ઉમરે પણ યુવા શક્તિ, ઉમંગ-ઉત્સાહ હતો એ એમના યુવા વ્યક્તિત્વને પ્રત્યક્ષ કરે છે. **52 માં વર્ષે દાદીજીએ મને યાદ અપાવી દીધું કે હજુ તુ નાનો છું, હજુ તારે ઘણું કરવાનું છે, તારે દોડવાનું છે. થાકીને બેસી નથી જવાનું.** નહીં તો લૌકિક દુનિયામાં તો 50 પછી ગણતરી શરૂ થઈ જાય. રિટાયરમેન્ટનો ટાઈમ આવશે. હવે શું કરવાનું? ખબર નહી જીવનસંધ્યા કેવી રીતે પ્રસાર કરીશું? આવા વિચારો શરૂ થઈ જાય છે. **એ ઘડી અને આજનો દિવસ, મને હંમેશા અથાક બની સેવારત રહેવા માટે શક્તિ અને મદદ મળે છે.**

યુવા પ્રભાગની મીટિંગ ભારત વર્ષમાં ભિન્ન ભિન્ન સ્થાન પર આયોજિત કરવામાં આવે છે. મને યાદ છે કે દાદીજી 94-95 વર્ષની ઉંમર સુધી મીટીંગમાં ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે કોઈ સ્થાન પર દાદીજી આવે તો મીટીંગ સિવાયના પણ ઘણા કાર્યક્રમનું આયોજન જે તે સેન્ટર, ઝોન કે સબઝોન દ્વારા કરવામાં આવતું થતું. દાદીજીની ખૂબ જ વ્યસ્ત દિનચર્યા હોવા છતાં પણ મિટિંગના ચોક્કસ સત્રમાં હાજરી હોય તે પણ ચાતકની જેમ. જ્યારે કોઈ પ્રોજેક્ટની ચર્ચા કર્યા બાદ દાદીજીની હાજરીમાં અમે ગ્રુપમાં થયેલી ચર્ચાને વિસ્તારપૂર્વક રજૂ કરતા ત્યારે દાદીજી જે ઈનપુટ આપતા હતા, એ જોઈને, સાંભળીને નવાઈ લાગતી. ખરેખર દાદીજી માટે કોઈપણ પ્રોજેક્ટ હોય કે સેવા હોય તે પ્રત્યેની દાદીજીના હૃદયમાં રહેલી બેહદની ભાવના પ્રત્યક્ષ રૂપમાં અમોએ અનુભવ કરી છે. સેવા માટેનો જે ઉમંગ હતો, જે નવીનતા કરવાની

**(અનુસંધાન પેજ નં. 15 પર)**

# નારી તું કલ્યાણી બન

જે બાળકને મા નવ માસ સુધી પોતાના દેહમાં ધારણ કરે છે અને પછી જન્મ આપ્યા પછી એનું પાલન કરે છે, એને નવડાવે, ધોવડાવે અને સજાવે - સુધારે છે અને લાડ પ્યાર કરીને, બોલવાનું ચાલવાનું શીખવાડીને મોટો કરે છે. એ માતાને સ્નેહ ન કરનારા અને તેનું કહેલું ન માનનારા તો સંસારમાં ભાગ્યે જ કૃતઘ્ન પુત્ર હશે. પરંતુ જો મા સ્વયં બાળકને બોલતાં તો શીખવાડે પણ શું બોલવાનું છે અને શું નથી બોલવાનું ન શીખવાડે અર્થાત્ એ ન સમજાવે કે મીઠું બોલવાનું છે, કડવું બોલવાનું નથી, સત્ય બોલવાનું છે, અસત્ય બોલવાનું નથી, સ્વયંને આત્મા સમજીને શાલીનતાથી બોલવાનું છે. દેહ માનવા છતાં નહીં બોલવું. આદિમાં તો સમજો મા સ્વયં જ પોતાનું કર્તવ્ય પૂરું કરતી નથી. એ રીતે જે માતા પોતાના બાળકને આંગળીનો સહારો આપીને ઊભો કરે છે. ચાલવાનું શીખવાડવાની ચિંતા અને મહેનત તો કરે છે પરંતુ જીવનના કઈ રાહ પર કઈ રીતે ચાલવાનું છે અર્થાત્ માનવની ચાલ ચલન કેવી હોય એ શીખવાડતી નથી તો તે પોતાના કર્તવ્યને સારી રીતે નિભાવતી નથી. જે બાળકનો જન્મ થતાં તેના જીભ ઉપર મધ મૂકે છે અને મધથી ઓમ લખાવે છે પરંતુ એને 'ઓમ'ના અર્થ સ્વરૂપમાં ટકાવતી નથી એના સ્વભાવ અને વાણીમાં મધ જેવી મધુરતા ભરતી નથી, તો તે તેની ફરજ પૂરી કરતી નથી. જે માતા બાળકને સ્કૂલમાં સાંસારિક વિદ્યા ભણવા માટે તૈયાર કરે છે, તન, મન, ધન લગાવે છે અને સ્કૂલ જતાં જોઈને ખુશ થાય છે. પરંતુ બાળકને સદા ખુશ મિજાજ, ખુશહાલ અને ખુશદિલ બનાવનારી આધ્યાત્મિક વિદ્યા ભણાવતી નથી. એનો અર્થ એ થયો કે તે બાળકને સાચો પ્રેમ કરતી નથી. કારણ કે તે બાળકના જીવનનો ઠીક અને સુદૃઢ પાયો બનાવતી નથી. શરીરનાં વિકાસ પર ધ્યાન આપવા છતાં જે મા બાળકના આત્માના ચારિત્ર્યના વિકાસ પર ધ્યાન આપતી નથી એનો અર્થ એ થયો કે તે તે બાળક, પરિવાર, સમાજ તથા સંસાર પ્રત્યે પોતાના આવશ્યક કાર્યની અવહેલના કરે છે કારણ કે આવો બાળક મોટો થતાં સુખમય જીવન જીવવાની કલા ન જાણવાને કારણે સ્વયં પણ અશાંતિનો અનુભવ કરે છે અને સંસારમાં પણ અશાંતિ ફેલાવે છે. તેથી મહિલા, જે માતા તમારે એ તો યાદ રાખવું જોઈએ કે માતા જ દરેક બાળકનો પહેલો ગુરુ છે. માતા જ જગત જનની છે. હવે માતા જગ-જનની બનીને તું વિશ્વ કલ્યાણી બન, ત્યારે જ જગતનું કલ્યાણ થશે.

કોણ કહે છે કે નારી અબળા છે? આટલા મોટા મોટા ચક્રવર્તીઓ અને છત્રપતિઓને પોતાના ખોળામાં લઈને ખવડાવ્યું, પીવડાવ્યું અને એમને સંસ્કારી બનાવ્યા. જે માતાએ કરોડો લોકોના મન પર શાસન કરનાર ધ્રુવ, શંકરાચાર્ય, ઈશુ ખ્રિસ્ત, મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, મોરારજીભાઈ દેસાઈ અને રાષ્ટ્રના વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ધર્મનો પાઠ ભણાવ્યો. જે માતાએ શ્રી કૃષ્ણ અને શ્રી રામ જેવા દેવતાઓને જન્મ આપ્યો. એ માતાને અબળા કોણ કહી શકે? શતાબ્દીઓથી અબળા, અબળા કહીને નરે જ નારીને અબળા બનાવી દીધી છે. નહીંતર નારી તો વાસ્તવિક સ્વરૂપમાં 'શિવશક્તિ' અને દેવી છે. આધ્યાત્મિક દૃષ્ટિકોણથી તો દરેક આત્મા પુરુષ છે એટલે મહિલાઓ માતા, તું તારા શુદ્ધ સ્વરૂપને જાણીને સ્વયંને સબળા માનીને પોતાનાં કર્તવ્ય રૂપી શસ્ત્ર ઉઠાવ અને લલકાર કર! તું અબળા નહીં પણ કલ્યાણકારી છો હવે તું જગદંબા સમાન

વિશ્વ કલ્યાણી બન.

નારી તું હદોને તોડ, સંકીર્ણતાને હવે તું છોડ. સ્વયંને જગતની માતા સમજ. શું લાખો કરોડો લોકોનો આક્રંદ-ધ્વનિ તારા કાનમાં ગૂંજતો નથી? મા, ઓ જ્યોતિઓ વાળી મા. શું આવો પોકાર તને સંભળાતો નથી? બાળકો રાતોની રાતો જાગીને તને પોકારતા રહ્યા, તારી જય બોલતા રહ્યા, ત્યારે તને ઊંઘ કઈ રીતે આવી શકે? હવે, ઉઠ જાગ, પહેલાં સ્વયંની જ્ઞાન જ્યોતિ જગાવ, સ્વયંનું જગત માતાનું સ્વરૂપ ધારણ કરીને મનોવિકારો ઉપર વિજય પ્રાપ્ત કર. ભક્તોને પોતાના દૈવી સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવ. હવે તૂ વરદાની બન, હવે કલ્યાણી બન!

શું તું એમ તો વિચારતી નથી કે 'જ્યોતિઓ વાળી માતા' કોઈ બીજી છે? કમલ પુષ્પ નિવાસિની, વીણા વાદિની, અસુર-સંહારિણી દેવી રૂપા નારી તો ચિરાતીતમાં થઈ છે અને તું તે નથી? આજ તો વાસ્તવમાં તને પોતાના માતૃ સ્વરૂપની વિસ્મૃતિ છે. જેના પરિણામ સ્વરૂપ આજે જગતના આ હાલ થયાં છે. ઉઠ, હવે તું તારા સ્વરૂપને ઓળખ. હવે તું વીણા હાથમાં લે અને જગતને ઈશ્વરીય વિદ્યાથી મધુર ગીત સંભળાવીને આનંદ-વિભોર કરી દે.

સારું, તું દેવી નથી તો તેનું સંતાન તો છે ને? શું હંસના વંશજ હંસ, કોયલનું સંતાન કોયલ નથી હોતી? તેથી તું દેવી અને દેવતાઓની વંશજ છો. એટલે જ ભારતની નારીઓના નામોમાં 'દેવી' શબ્દનો પ્રયોગ થાય છે. જૂના સમયથી જ ભારતીય નારીઓનાં નામ શાંતિ, સંતોષી, સરલા, પ્રેમ વગેરે વગેરે કોઈને કોઈ દિવ્યગુણો પરથી જ પડેલાં છે. તેથી તારું વાસ્તવિક સ્વરૂપ તો દેવીનું જ છે. તું પોતાની વાસ્તવિકતા અને વંશને જાણ. ઉઠીને જ્ઞાનની જ્યોતિ લઈને જનજનની આત્મિક જ્યોતિ જગાવ. હવે આ સૃષ્ટિ રૂપી ઘટાટોપ અંધકાર છે, હવે તો તું જ્યોતિ દ્વારા અંધકારને મિટાવી દે. કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા, દ્વેષ, ઘૃણા, હિંસા આદિ આસુરી લક્ષણ ઉત્પાત મચાવી રહ્યાં છે. અને તેનાથી પીડિત થઈને સંસાર ત્રાહિત્રાહિ કરી રહ્યો છે. તેથી હવે તો તું દુર્ગા બનીને આ આસુરીપણાનો નાશ કર. શું તારાથી આવા ઘોર પતન અને અકલ્યાણની સ્થિતિ જોઈ શકાય છે? ઉઠ, હે તું પવિત્રતા ધારણ કરીને ધવલા સરસ્વતી બન. કમલ સમાન ન્યારા જીવનરૂપી આસન પર સ્થિત થઈને શિવની સ્મૃતિમાં નિમગ્ન થઈને તપસ્વિની બન અને આ બન્નેના વર બીજાઓને આપનારી વરદાની બન. હવે તું કલ્યાણી બન.

જ્યારે ઘરમાં વધૂ આવે છે ત્યારે લોકો એ કહેતાં કે ઘરની લક્ષ્મી આવી છે. શું ભારતની ચિરકાલીન પ્રથા અનુસાર નારીને 'ગૃહલક્ષ્મી'નું બિરૂદ આપવામાં નથી આવતું. તેથી જ તો તારું આદિ સ્વરૂપ લક્ષ્મી છે. જે પોતાના લક્ષ્યમાં સ્થિત થાય છે અને દિવ્યગુણો ધારણ કરે છે. તે જ તો લક્ષ્મીદેવી છે. એટલે જ લોકો કહે છે કે નર તું એવી કરણી કર જેનાથી નારાયણ બને. નારી તું એવી કરણી કર જેનાથી લક્ષ્મી બને. તેથી ઘણો સમય વીતી ગયો છે, હવે તો તું તારા લક્ષ્યમાં સ્થિત થા અને એવાં શ્રેષ્ઠ કર્મ કર જેનાથી તું સાક્ષાત્ લક્ષ્મી બને. કમલપુષ્પ સમાન જીવન હોવાને કારણે તો 'લક્ષ્મી'નું નામ 'કમલા' છે. તેથી હવે તૂ પુનઃ પોતાના જીવનને કમલ પુષ્પ સમાન બનાવ આ વિધિથી જ ભારત પુનઃ સ્વર્ગ બની જશે. અહીં પુનઃ લક્ષ્મી - નારાયણનું રાજ્ય હશે. આ પ્રકારે કલિયુગ જશે સતયુગ આવશે. આ લક્ષ્યની સિદ્ધિ માટે તું યોગિની બન, જ્ઞાની બન.

**॥ ઓમશાંતિ ॥**

## શાશ્વત યુવાનીના યુગનું અવ્યક્ત આરોહણ

# રાજયોગિની દાદી રતનમોહિનીજી

### બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુ રોડ



અવિસ્મરણીય શુભ દિવસ હતો - 'મંગળવાર 25મી માર્ચ 2025' ભવ્ય ફૂલોનાં ડેકોરેશનથી સુશોભિત વિશાળ ડાયમંડ હોલ આતૂરતાથી રાહ જોઈ રહ્યો હતો. પોતાની પ્રાણપ્યારી, યુવા દિલોની ધડકન, દાદી રતન મોહિનીજીનો 101મો જન્મદિવસ મનાવવા. કેવો અદ્દભુત ઉમંગ-ઉત્સાહ અને પરમાનંદનો માહોલ હતો! ચારેબાજુ ખુશીઓ જ ખુશીઓ હતી. સુંદર ફૂલોથી શણગારેલી બગીમાં સવાર શતાયુ દાદીજી, શાંતિવનની પરિક્રમા કરી હોલમાં પધાર્યા. ત્યારે હોલીહંસોએ તે હસીન ફરિશ્તા સ્વરૂપ દાદીજી પર પુષ્પવર્ષા કરી તેમનું દિલથી સ્વાગત કર્યું, મંગળ ગીતો ગાયા, નૃત્ય કર્યું, દુવાઓનો ખજાનો લૂંટાવ્યો તથા દાદીજી ઉપર શુભેચ્છાઓનાં હીરા-મોતી વરસાવી ગીત ગાયું 'તુમ જીયો હજારો સાલ, સાલ કે દિન હો પચાસ હજાર...!'

પણ કોણ જાણતું હતું કે દાદી રતનમોહિનીજીનો આ છેલ્લો જન્મદિવસ હશે? અચાનક દાદીની તબિયત નાદુરસ્ત થઈ ગઈ, જેથી તેમને પહેલા ટ્રોમા સેન્ટર અને પછી અમદાવાદની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. પછી જે કંઈ થયું, તે ન મનમાં કે ન ચિત્તમાં હતું. 8 એપ્રિલ 2025ના રોજ બ્રહ્મમુહૂર્તના સમયે સવારે 1.10 વાગ્યે દાદીજીએ આ ભૌતિક જગતને અલવિદા કરી દીધું. જાણે હૃદય પર વજાઘાત થયો, મન મૌન થઈ ગયું, શબ્દો સ્તબ્ધ થઈ ગયા, મુજ આત્મા માટે જાણે આ દુનિયા જ થંભી ગઈ. લાખો યુવાનોમાં નવી ચેતના ભરી, 101 વર્ષની વયે પણ યુવાનીની ઝલક આપનાર, સુખી જીવનના સો વસંત જોનાર, યુવાનોના 'દાદી' અવ્યક્ત લોક ચાલ્યા ગયા. **'સદા યુવા'** દાદીના અવ્યક્ત આરોહણની સાથે જ આદિરત્નોની ઓમ મંડળીથી આબુ સુધીની આધ્યાત્મિક યાત્રા સમ્પન્ન થઈ ગઈ - જે રૂહાની યાત્રાનાં ગાઈડ (માર્ગદર્શિકા) બન્યા હતા. માતેશ્વરી જગદંબા તો હવે ગાર્ડ બન્યા દાદી રતનમોહિનીજી. અને અંતે આદિરત્નોમાં યજ્ઞ ઈતિહાસની ઈશ્વરીય સેવા યાત્રાનાં આદિ થી અંત સુધીનાં એકમાત્ર સાક્ષી બની ગયા રત્નપ્રભા રતનમોહિની દાદીજી.

દાદી રતનમોહિનીજીના ઈશ્વર સમાન સાનિધ્યનું પદમાપદમ સૌભાગ્ય મુજ આત્માને પણ પ્રાપ્ત થયું. એ પ્રભુથી મળેલું વરદાન જ હતું કે જ્યારે મેં મધુબનમાં પગ મૂક્યો ત્યારે દાદીજીએ રૂહાની માળી બની મારા જીવનબાગને દિવ્યગુણોની ખૂશ્બુથી મહેકાવી દીધો. તે સમયે હું નાનો હતો, દુનિયા જોઈ ન

હતી, ગ્રેજ્યુએશન પૂરું કરી હું મધુબન આવ્યો હતો, અને માતેશ્વરી ભવનમાં સેવા મળી હતી. મધુબન બેહદ ઘરના મોટા સંગઠનમાં ચાલવું સહેલું નહોતું, ઘણી વાતો થતી હતી, કોઈની સાથે કોઈ તકલીફ થાય તો હું માસૂમ બાળક દાદી પાસે દોડી જતો. દાદીજી ભોજન પછી શાંતિસ્તંભ અને ઈન્દ્રપ્રસ્થના પ્રાંગણમાં ચાલતા, મારી આંગળી પકડીને ચાલતા અને દરિયાદિલ દાદીજી મારી દરેક વાત સાંભળતા અને મોટામાં મોટી વાતને પણ નાની કરી મારા દિલનો બોજ હળવો કરી નાંખતા. દાદી ક્યારેક માં બની મમતા લૂંટાવતા, તો ક્યારેક પિતા જેવો પ્રેમ આપતા, ક્યારેક શિક્ષક બની ઉપદેશોથી સમજાવતા અને ક્યારેક મિત્રની જેમ વાત કરીને દિલના દર્દની દવા આપતા. ખરેખર, તે દિવસો પણ કેટલાં સુંદર હતા, દાદીજી અમારી સાથે હતા! મુજ બાળક પર દાદીજી અપાર પ્રેમ અને દિલનો સ્નેહ વરસાવતા હતા. જેમ સર્વ સંબંધોની મીઠી સેક્રીન શિવબાબાના પ્રેમમાં દિલ ગાય છે, **'બાબા મારો સંસાર છે.'** એવી જ રીતે દાદીજીની સ્નેહસભર યાદોમાં મારૂં બાળ મન ગાય છે, **'દાદી તો મારી દુનિયા છે.'**

કહેવાય છે - જીવન એક સંઘર્ષ છે..! તે પણ મારા માટે કઠિન સંઘર્ષનો સમય હતો, મારા શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની ગંભીર અગ્નિ પરીક્ષાઓ થઈ, ત્યારે દાદીજીએ મને હિમાલય જેવી છાયા બની સાથ આપ્યો. ત્યારે મેં અનુભવ્યું કે જ્ઞાન-યોગની કમીને કારણે જ તોફાનો આવે છે. મેં દાદીને કહ્યું, 'દાદીજી, કુમારોને જ્ઞાન અને યોગથી સશક્ત કરશો, તો કુમારો કમાલ કરી શકે છે, મને કુમારોની સેવાનો શુભ સંકલ્પ આવી રહ્યો છે.' કદરદાન દાદીએ મારી દિલની શુભ ભાવનાઓ જોઈને મને યુવા વિભાગનો સદસ્ય બનાવ્યો. જ્ઞાન સરોવરમાં દર વર્ષે ૨૫ થી ૩૧ ડિસેમ્બર સુધી બી.કે. યુવાનોની ઉન્નતિ માટે રીટ્રીટ યોજવામાં આવે છે, જેમાં ૧૦૦ દેશોમાંથી માત્ર ૧૦૦ પસંદગીના બી.કે. યુવા પ્રતિનિધિઓ જ ભાગ લે છે - જેઓ ટ્રેનિંગ લઈ તેમના દેશોમાં જઈને બી.કે. કુમાર-કુમારીઓની રિટ્રીટ (યોગભટ્ટીઓ) કરાવે છે. જ્યારે મેં દાદીને એ રિટ્રીટમાં ભાગ લેવાની મારી ઈચ્છા વિશે જણાવ્યું, ત્યારે દાદીએ ઓસ્ટ્રેલિયાનાં લી ભાઈ અને લંડનનાં ગોપી બહેનની વિશેષ પરવાનગી મેળવી આપી. દાદીના આશીર્વાદને કારણે જ મને બધા યુવા નેતાઓ વચ્ચે તાલીમ લેવાની સુવર્ણ તક મળી. જેનાં ફળસ્વરૂપે દાદીના પ્રોત્સાહનથી નેપાળ અને ભારતમાં 175 થી વધુ સ્થાનો પર બી.કે. કુમારોની સેલ્ફ રિયલાઈઝેશન રિટ્રીટ કરાવવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું.

દાદીજીની પ્રેરણાથી અમે શાંતિવનની બી.કે. કોલોનીના કુમારોની સ્વઉન્નતિ માટે ગૃપ બનાવ્યું. અમે પ્રકાશમણિ પાર્કમાં કુમારો માટે સર્જનાત્મક યોગના પ્રયોગો કરાવતા, તો ક્યારેક અવ્યક્ત મુરલીઓ ઉપર પરિક્ષા લેતા, દાદી પોતે પેપર તપાસતા અને અમને માર્ગદર્શન આપતા. દાદી ક્યારેક પીસપાર્ક આવી કુમારોને યોગ કરાવતા અને એક-એક કુમારને શક્તિશાળી દ્રષ્ટિ આપી શક્તિ ભરતા. દરેક યુવાનો સાથે વાતચીત કરી, તેમને ઉમંગ-ઉત્સાહની પાંખો આપી. પ્રગતિના આકાશમાં ઉડાડી દેતા. એકવાર મેં પીસ પાર્કમાં કુમારોની રિટ્રીટ કરાવી. ઈર્ષ્યાવિશ એક નિમિત્ત ભાઈએ મારા વિશે દાદીને ફરિયાદ કરી. તેથી દાદીએ વાત સમજાવતા તેને કહ્યું, 'હેમંત મને પૂછીને જ કરે છે, જો હું ના કહું તો તે નથી કરતો. જો બાળક કંઈક કરવા માંગે છે, તો તેને તે કરવા દો, તેને આગળ વધવા દો.' એ

સમયે મારો ચહેરો થોડો ઉદાસ થઈ ગયો, એટલે દાદીએ તરત જ મારું ધ્યાન દોર્યું, 'જ્ઞાન તો બહુ સારું સંભળાવો છો, હવે પોતાની શકલ ઠીક કરો.' દાદીજી સ્નેહ આપીને શક્તિથી પણ ભરતા, તો કમી-ખામીઓનો અહેસાસ કરાવી, શિક્ષા-સાવધાની આપી અમારૂં સ્વ-પરિવર્તન પણ કરતા.

દાદીજીના માર્ગદર્શનમાં આબુ રોડની શાળાઓમાં 'ટચ ધ લાઈટ' પ્રોજેક્ટ ચલાવવામાં આવ્યો, જેમાં 7મા, 8મા અને 9મા ધોરણના બાળકોને અઠવાડિયામાં એકવાર મૂલ્યવાન શિક્ષણ આપવામાં આવતું હતું. પ્રોજેક્ટ ચલાવવા માટે શાંતિવનની મોટી ટીમ હતી. સેવામાં કોઈ સમસ્યા આવે તો હું ટીમને દાદીજી સાથે મળાવતો, તો તેઓ સરળતાથી સમસ્યાઓનું નિરાકરણ કરી આપતા. સંગઠનમાં જે આગળ વધે છે તેના પર હંમેશા ટીકા-ટિપ્પણી કરવામાં આવે છે. આ સંદર્ભમાં, એકવાર દાદીએ મારી તરફ ઈશારો કરીને કહ્યું, "હેમંતને કોઈ કશું પણ કહે, બોલે, પરંતુ તે વાતો પર ધ્યાન આપ્યા વગર પોતાનું કાર્ય કરતો જ રહે છે." પછી દાદીએ મારી સામે જોઈ મંદ-મંદ સ્મિત સાથે કહ્યું, "હું પણ એમ જ કરું છું અને આગળ વધુ છું." દાદીજી તરફથી આ પ્રમાણપત્ર મળ્યા બાદ મારું મન આનંદથી ઝૂમી ઉઠ્યું. યુવા પ્રભાગ દ્વારા આયોજિત સ્વર્ણિમ ભારત યુવા પદયાત્રામાં દાદીજીએ મને આગ્રાથી જયપુર યાત્રાનો કોર્ડિનેટર(સંયોજક) બનાવ્યો. એ જ રીતે, સોલાપુરમાં ભારત યુવા મહોત્સવનાં આયોજન માટે ઘણી વખત સોલાપુર મોકલ્યો. દાદીજી ત્યાં યુવા મહોત્સવના ઉદ્ઘાટન માટે પધાર્યા ત્યારે મને પણ દાદીજી સાથે સોલાપુર સબઝોનની ટૂર કરી, સેવા કરવાનો સુઅવસર મળ્યો. દાદી સાથે રહીને મેં એક વિશાળ સંગઠનમાં ચાલવાની કળા શીખી.

સહનશીલતાની મૂર્તિ એવા દાદીજી તો શિવ-શિલ્પકાર દ્વારા કોતરવામાં આવેલ એક અનુપમ દિવ્ય શિલ્પ હતા. ઈશ્વરીય સંવિધાન અને દૈવી વિધી-વિધાનનાં જાણકાર દાદીજીએ શિલ્પકાર બની, છીણી અને કાયદા કાનૂનના હથોડાથી ઉપદેશોની અનેક દિવ્ય મૂર્તિઓ ઘડી. દાદીનું જીવન તો અધ્યાત્મનું એક ખુલ્લું પુસ્તક હતું! અઘરા લાગતા આધ્યાત્મિક જ્ઞાનને ઊંડેથી સમજી, અધ્યાત્મને કુશળતાપૂર્વક પોતાની દિનચર્યામાં સમાવી લેતા હતા. વહેલી સવારથી રાત સુધી કઠોર સાધક બની તેઓ ઇન્દ્રિયો પર નિયંત્રણ કરી રાખતા. દાદીજીનું આધ્યાત્મિક વિદ્યાર્થી જીવન આદર્શ હતું, ઈશ્વરીય મહાવાક્યોનું વાંચન, શ્રવણ અને વર્ણનનો નિત્યક્રમ સૂર્યની જેમ અટલ હતો. નિયમ-સંયમ અને અનુશાસન દાદીજીના આદર્શ વિદ્યાર્થી જીવનના શણગાર હતા. શ્રેષ્ઠ કર્મોથી શિક્ષણ આપનાર દાદી તો દિવ્ય ગુણોના દર્પણ હતા. નામ-માન-શાનથી કોસો દૂર રહેનાર દાદીજીનો ત્યાગ ગુપ્ત અને મહાન હતો. અખંડ જાગતી જ્યોત સમાન પ્રભુ પ્રિયતમની યાદોમાં સદૈવ મગ્ન રહેનાર એ 'પ્રભુપ્રિયતમા દાદીજી'ની તપસ્યા અખંડ હતી, દાદીજીની રાત-દિવસની અથક સેવાઓ તો અગણિત હતી! સાચું કહું તો, દાદીજી નિરંતર ત્યાગ, અખંડ તપસ્યા અને અથક સેવાઓનું અતુલનીય ઉદાહરણ હતા. એવી મીઠી-મીઠી, પ્યારી-પ્યારી, દેહ દુનિયાથી ન્યારી 'એવર યુથ દાદીજી'ને હૃદયપૂર્વક સ્નેહ-શ્રદ્ધા સુમન અર્પણ કરું છું...

**॥ ઓમશાંતિ ॥**

**અનુવાદ- બ્ર.કુ. વિજય પોશિયા,**
**ઈન્ડિયા કોલોની, અમદાવાદ.**

# મનુષ્ય સૃષ્ટિ 5000 વર્ષ જૂની ?

બ્ર.કુ. અનંત, નડિયાદ

મનુષ્ય સૃષ્ટિના ઈતિહાસ વિશે અનેક મત પ્રવર્તે છે. ડાર્વિનના ઉત્ક્રાંતિવાદ અનુસાર આ સૃષ્ટિ કરોડો વર્ષ જૂની છે, તો શાસ્ત્રમત પ્રમાણે લાખો વર્ષ જૂની છે. પરંતુ આજના ગણિત-શાસ્ત્રીઓ સાબિત કરી રહ્યા છે કે આ મનુષ્ય સૃષ્ટિ 5000 વર્ષથી વધારે જૂની ના હોઈ શકે. ઓગસ્ટ 2006 મા, આ વિદ્યાલય દ્વારા પ્રકાશિત થયેલા અંગ્રેજી પ્યુરીટી પેપરમાં એક રસપ્રદ લેખ વાંચવા મળ્યો, જેનો અનુવાદ અહીં રજૂ કરીએ છીએ.

સામાન્ય ગણિતની મદદથી સંશોધનકારો એ સાબિત કર્યું છે કે પૃથ્વી પર વસતા દરેક મનુષ્ય આત્માના પૂર્વજો લગભગ પાંચ હજાર વર્ષ પહેલા એક (common) હતા. ગણતરી ખૂબ જ સરળ છે. દરેક વ્યક્તિને બે માવતર (માતા અને પિતા) હોય, ચાર દાદા દાદી, આઠ પરદાદા દાદી. એમ ગણતરી કરીએ તો 16.. 32.. 64.. 128 જેટલા વડવાઓ થોડાક જ વર્ષોમાં હોઈ શકે. આ હિસાબે 15 મી સદીમાં (આજથી 600 વર્ષ પહેલા) આપણા દસ લાખ પૂર્વજ હતા અને 13મી સદીમાં 10 કરોડ ગણાય. આ રીતે પાછળને પાછળ ગણતરી કરતા જઈએ તો નવમી સદીમાં એટલે કે 40 પેઢી પહેલા આ સંખ્યા અબજોમાં થઈ જાય.

હવે વિચારીએ કે 9મી સદીમાં આટલા બધા પૂર્વજો કેવી રીતે હોઈ શકે? આ વખતની (આજથી 1200 વર્ષ પહેલા) કુલ વસ્તી જ ફક્ત 20 કરોડની હતી. મતલબ કે દરેક મનુષ્ય ફરી ફરીને અલગ અલગ જગ્યાએ જન્મ લઈને બીજા બીજા મનુષ્યના સંબંધમાં આવે તો જ આટલી વિશાળ સંખ્યા ના પૂર્વજનો તાળો ઓછી વસ્તી સાથે બેસી શકે. આ રીતે વધારે ને વધારે પાછલા સમયમાં જઈએ તો વસ્તી ખૂબ જ થોડી હતી અને એમાં પણ 5000 વર્ષ પાછળ જઈએ તો ખૂબ જ ઓછા લોકો હતા. મતલબ કે અત્યારના સમગ્ર વિશ્વના 820 કરોડ (વર્ષ 2025)ની વસ્તી ધરાવતા મનુષ્ય સૃષ્ટિ વૃક્ષની શાખાઓની શરૂઆત આ થોડાક જ પૂર્વજોથી થઈ. કોઈને કોઈ જગ્યાએ આ પૂર્વજો દરેકના માત પિતા તરીકે સામાન્ય (કોમન) હોવા જોઈએ. સ્ટીવ ઓલ્સને આ શોધ વિશે પોતાના પુસ્તક maping of human history (મનુષ્ય ઈતિહાસનો નકશો)માં ઉલ્લેખ કર્યો છે જે થોડા સમય પહેલા 'નેચર' નામના મેગેઝીનમાં પ્રકાશિત થયેલો.

નિરાકાર પરમપિતા પરમાત્મા ત્રિમૂર્તિ શિવ, પ્રજાપિતા બ્રહ્માના માધ્યમ દ્વારા જ્ઞાન આપે છે કે મનુષ્ય સૃષ્ટિ રૂપી કલ્પવૃક્ષ ફક્ત 5000 વર્ષ જૂનું છે, જેનું ચૈતન્ય બીજ હું સ્વયમ પરમાત્મા છું. પરમાત્મા એમ પણ કહે છે કે આપણા પૂર્વજો ફક્ત નવ લાખ દેવી-દેવતાઓ હતા. આ જ્ઞાનને વિસ્તારથી સમજી ,પરમાત્માના સૃષ્ટિ પરિવર્તનના કાર્યમાં સહભાગી બનવા માટે આપ અમારા વિદ્યાલયમાં પધારો. ગીતામાં આપેલા વચન પ્રમાણે પરમાત્મા સૃષ્ટિ પર અવતરીત થઈ, મનુષ્ય સૃષ્ટિના નવા કલ્પવૃક્ષની કલમ લગાવી રહ્યા છે. પરમાત્મા કહે છે સમય ખૂબ થોડો છે. મહા વિનાશની તૈયારીઓ (વિશ્વયુદ્ધ, ગૃહયુદ્ધ અને કુદરતી આપદાઓ) ચાલી રહી છે.

ચાલો સમયના સાદને સાંભળી, પરમાત્માના આ દિવ્ય કર્તવ્યમાં ભાગીદાર બનીએ. અત્યારે નહીં તો ક્યારેય નહીં. ॥ **ઓમશાંતિ** ॥

## જ્ઞાન પરબ

# આધ્યાત્મિક રહસ્ય

બ્ર.કુ. જગદીશભાઈ પટેલ, ઈસનપુર

ગીતાજીના અધ્યાય ચારના સુપ્રસિદ્ધ શ્લોક નંબર સાત પ્રમાણે ભારતમાં જ્યારે-જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે, ત્યારે-ત્યારે સ્વયં ભગવાન એક સતધર્મની સ્થાપના કરવા માટે આ ધરા પર અવતરીત થાય છે. તે જે ધર્મની સ્થાપના કરે છે તે આપણો આદિ સનાતન દેવી દેવતા ધર્મ. આપણા આદિ સનાતન દેવી દેવતા ધર્મની સ્થાપના કોઈ ધર્મ પિતાએ નહીં પરંતુ સ્વયં પરમ પિતા પરમાત્મા એ કરેલી છે, આમ છતાં આજે સનાતન ધર્મનું રાજકીય નેતાઓ કે વિધર્મીઓ દ્વારા વારંવાર અપમાન થતું જોવા મળે છે. આપણા પૂર્વજ ઋષિમુનિઓ અને વિદ્વાન પંડિતો ધ્વારા સનાતન ધર્મનો શ્રેષ્ઠ વારસો આપણને ધરોહરમાં મળ્યો છે, પરંતુ તેનું આધ્યાત્મિક રહસ્ય ન જાણવાને કારણે ઘણીવાર આપણે હાંસીના પાત્ર થવું પડે છે.

આપણા સનાતન ધર્મમાં 33 કરોડ દેવતાઓની માન્યતા રહેલી છે. કેટલાક દેવી દેવતાઓને બે કરતાં વધારે હાથ, એક કરતાં વધારે મસ્તક કે બે કરતા વધારે આંખ હોય છે જ્યારે નંદી, ગણેશજી, હનુમાનજી, નરસિંહ અવતાર વગેરે દેવતાઓના જાનવર જેવા મુખ છે. આ દરેક ચિત્રો કે મૂર્તિઓ પ્રતિકાત્મક બનાવેલા હોય છે જેની પાછળ કોઈને કોઈ આધ્યાત્મિક રહસ્ય છુપાયેલું છે. જે આજ સુધી આપણને કોઈએ જણાવ્યું નથી, પરંતુ પરમપિતા પરમાત્માએ આપણી બુદ્ધિનું તાળું ખોલીને અનેક આધ્યાત્મિક રહસ્યો ખુલ્લા કર્યા છે.

ઘણા વર્ષો પૂર્વે પૂરબ ઔર પશ્ચિમ નામની એક હિન્દી ફિલ્મ આવેલી. જેમાં હિરોઈન પશ્ચિમ દેશની એટલે કે વિદેશી હોય છે જ્યારે હીરો પૂર્વીય દેશ ભારતનો હોય છે. હિરોઈન ભારતમાં હિરોના ઘરે આવે છે ત્યારે ગણેશજી, હનુમાનજી, કાલીમાતા નંદી, નટરાજ જેવા દેવતાઓના ચિત્રો જોઈને ડરી જાય છે. જીનોલોજીકલ વિજ્ઞાન પ્રમાણે જો આવા મનુષ્ય હોય તો, તેમના વંશજ આજે પણ હોવા જોઈતા હતા. જો તેમને ચાર હાથ હોય તો ચાર પગ પણ હોવા જોઈએ. આજે કોઈને એક આંગળી પણ વધારાની હોય તો તેને ખોડખાંપણ-વાળો ગણવામાં આવે છે. મૂર્તિ પણ ખંડિત હોય તો તેની પૂજા કરવામાં આવતી નથી. આવા અસાધારણ લોકોને પૂજ્નીય માનવામાં આવતા નથી. જ્યારે દેવીઓને તો બે કરતાં અનેક વધારે હાથ હોય છે.

ચૈત્ર મહિનામાં ચૈત્ર સુદ પૂનમે હનુમાન જયંતિ ધામધૂમથી ઉજવવામાં આવે છે. ચાલો આપણે તેમની મૂર્તિ કે ચિત્રના આધ્યાત્મિક રહસ્ય વિશે સમજીએ. હનુમાનજી કળિયુગના સૌથી પ્રભાવશાળી દેવતા છે, જેમના ભારતભરમાં અનેક મંદિરો આવેલા છે. હનુમાનજીના નામ પણ અનેક છે. કષ્ટ ભંજન હનુમાન, સંકટ મોચન હનુમાન, ભીડ ભંજન હનુમાન, બજરંગબલી, બાલા હનુમાન, મારુતિ વગેરે. જેમણે સ્વયં ભગવાનના કષ્ટોનું ભંજન કર્યું. ભગવાનને અનેક સંકટોમાંથી ઉગાર્યા, તેમની મહિમામાં ગવાય છે, ‘સંકટ કટે, મીટે સબ પીરા, જો સુમિરે હનુમંત બલવીરા; ભૂત પીશાચ નિકટ નહીં આવે, મહાવીર જબ નામ સુનાવે.’

હનુમાનજીના નામનો અર્થ થાય છે, જેમણે

માન-શાનનું હનન કરેલું છે. હનુમાનજી વિશે કહેવાય છે કે, તેઓ જ્યાં પણ રામકથા ચાલતી હોય ત્યાં ભક્તોના જૂતાઓમાં બેસીને પણ રામકથા સાંભળતા હોય છે. તેઓ રામજીના પ્રથમ નંબરના ભક્ત હોવા છતાં તેમને કોઈ પદ પોઝિશનનું અભિમાન નથી. તેઓ ભગવાન શ્રીરામના આજ્ઞાકારી સેવાધારી છે, જેમણે આજીવન પવિત્રતાનું વ્રત ધારણ કરેલ છે. બ્રાહ્મણ જીવનમાં પણ પવિત્રતા ધારણ કરી જેઓ ભગવાનની સેવા માટે હંમેશા તત્પર રહે છે, તે હનુમાનજીની જેમ પ્રભુને અતિ પ્રિય લાગે છે. વિદુર, વિભિષણ, હનુમાનજી, પરશુરામ, અશ્વસ્થામા વિગેરેને ચિરંજીવી અમર માનવામાં આવે છે. પરંતુ જે જન્મે છે તે સર્વેનું મૃત્યુ નિશ્ચિત છે. દેવી-દેવતાઓના મંદિરો આજે પણ હયાત છે અર્થાત આપણા સર્વના દિલમાં તેઓ અમર છે એ રીતે તેઓ ચિરંજીવ છે. જેવી રીતે ગાંધીજીનું બાવલું આજે પણ ચાર રસ્તા પર હોય છે, તેમના ગાંધીવાદી વિચારો, આપણા મનમાં આજે પણ અસ્તિત્વમાં છે અર્થાત્ ગાંધીજી આપણા દિલમાં આજે પણ અમર છે. વાસ્તવમાં તો તેમનું મૃત્યુ થયેલું છે.

હનુમાનજીને એક સુવર્ણનો રત્નજડિત તાજ, અને બીજો પ્રકાશનો પવિત્રતાનો તાજ છે, આમ તેઓ ડબલ તાજ ધારી છે. વાસ્તવમાં તેમની સૂરત બંદરની અને સિરત દેવતાઈ છે. વા એટલે હવા અને નર એટલે પુરુષ - વાનરનો અર્થ થાય છે. એવા પુરુષ કે જે હવામાં ઉડી શકતા હોય, જેઓ આકાશ ગમનની વિદ્યા જાણતા હોય. જેવી રીતે નારદ આકાશમાં ફરિશ્તા સ્વરૂપે ભ્રમણ કરી શકે છે. પહેલાના જમાનામાં વાનર, કિન્નર, ગંધર્વ, પાર્ષદ, નાગ આવી જાતિઓ હતી. આજે પણ આસામમાં નાગ જાતિના લોકોનુ નાગાલેન્ડ આવેલું છે. જેવી રીતે હાલમાં ઓસ્ટ્રેલિયાને કાંગારુ તરીકે ઓળખવામાં આવે છે. જો ઓસ્ટ્રેલિયા ક્રિકેટમાં 50 રને જીતી જાય તો બીજા દિવસે સમાચારપત્રમાં આવે છે કે કાંગારૂનો 50 રનથી વિજય થયો. આ જ પેપરનો ટુકડો 100 વર્ષ પછી જો આપણા વારસોના હાથમાં આવે, તો તેઓ એમ જ સમજે કે પહેલાના જમાનામાં કાંગારૂઓ ક્રિકેટ રમતા હશે. તેવી જ રીતે આ વાનર શબ્દ, જેમને આકાશગમનની વિદ્યા હસ્તગત હતી, જેઓ ફરિશ્તા સ્વરૂપે સૂક્ષ્મ શરીરથી આકાશમાં ઉડી શકતા હતા, તેવી એક પ્રચલિત મનુષ્ય જાતી માટે વપરાતો શબ્દ હતો, નહીં કે કોઈ જંગલમાં ફરતા જાનવર બંદર માટેનો શબ્દ હતો.

હનુમાનજીનો જન્મ માતા અંજની દ્વારા વિકારરહિત પવિત્ર રીતે થાય છે, જે આગલા જન્મમાં અપ્સરા હોય છે. હનુમાનજીએ આજીવન પવિત્રતાનું વ્રત ધારણ કરેલ છે, જેમને શિવજીના અંશાવતાર માનવામાં આવે છે. હનુમાનજીના ગુરૂ સૂર્યદેવ છે તેમની ગતિ ક્યારેય રોકાતી નથી, દિવસ રાત તેઓ વ્યસ્ત રહે છે. હનુમાનજીને વેદો અને શાસ્ત્રોનું જ્ઞાન સૂર્યદેવ પાસેથી તેમની સાથે સાથે ચાલતા-ચાલતા લેવું પડ્યું હતું. હનુમાનજી નાના હતા ત્યારે સૂર્યદેવને ગળી ગયા હતા તેવી લોકવાયકા છે, તેનો અર્થ એ છે કે હનુમાનજીએ સૂર્યદેવ પાસેથી સંપૂર્ણ જ્ઞાન લઈને તેને હઝમ કર્યું હતું અર્થાત ધારણ કર્યું હતું. હનુમાનજી પાસે શરીરનું કદ વિરાટ કે વામન કરવાની વિદ્યા પણ હસ્તગત હતી. હનુમાનજીનું ઓરીજીનલ રૂપ જોવાની શક્તિ કોઈનામાં નથી માટે તેઓ હંમેશા વૃદ્ધ માણસ કે પૂજારીના રૂપે જ દર્શન આપે છે. હનુમાનજી શનિદેવને રાવણની કેદમાંથી છોડાવે છે તેના ઉપકારના બદલામાં જો કોઈ શનિવારે હનુમાનજીની પૂજા અર્ચના કરે તો તેઓને

શનિદેવનું રક્ષણ આપવાનું વરદાન છે. હનુમાનજી મહાવીર, મહાબલિ, બળવાન હતા પરંતુ તેમને તેમની શક્તિઓની સ્મૃતિ અપાવવી પડતી હતી, ત્યારેજ તેઓ ઉડી શકતા હતા. બાબાએ પણ આપણને અનેક સ્મૃતિઓ અપાવી છે. હમ સો, સો હમ, આપણે જ દેવી-દેવતાઓ હતા અને ફરીથી એ જ દેવી દેવતાઓ બનવાનું છે. આ સ્મૃતિથી જ આપણે માસ્ટર સર્વશક્તિમાન બનીએ છીએ. હનુમાનજી ભગવાનના એટલા પ્રખર ભક્ત હતા કે તેમના રોમે રોમમાં રામ વસેલા હતા. આ શંકાના સમાધાન માટે તેઓ પોતાનું દિલ ચીરીને પણ તેમાં ભગવાન શ્રીરામની છબી બતાવે છે. એકવાર નારદજી ભગવાન વિષ્ણુને પૂછે છે કે તમારો સૌથી પરમ ભક્ત કોણ? તો વિષ્ણુજી તેમને ભક્તોનું લિસ્ટ બતાવે છે જેમાં નારદજીનું સૌથી પ્રથમ નામ હોય છે. પરંતુ વિષ્ણુ ભગવાન નારદને કહે છે કે, આ બીજું લિસ્ટ છે જેમાં હું મારા જે ભક્તોને યાદ કરું છું તેમનું છે. તેમાં સૌથી પહેલું નામ હનુમાનજીનું હોય છે. નારદ અને હનુમાનજી બંને પ્રભુના પરમ ભક્ત છે પરંતુ નારદના અભિમાનને કારણે તેમની કોઈ પૂજા થતી નથી કે તેમનું કોઈ મંદિર નથી જ્યારે હનુમાનજીના ઠેર ઠેર મંદિર જોવા મળે છે. બાબા પણ ફક્ત યાદ કરવાવાળા યોગી બાળકો નહીં પરંતુ તેમના કાર્યમાં સહયોગી સેવાધારી બાળકોને જ સદા યાદ કરે છે, તેમને બંદરમાંથી મંદિર લાયક પૂજનીય બનાવે છે. દરેક શિવાલયમાં પ્રવેશતા જ ડાબી બાજુ ગોખમાં હનુમાનજી બિરાજમાન હોય છે. નિરાકાર પરમાત્મા શિવની સાથે-સાથે તેમની પણ પૂજા થાય છે.

સામાન્ય રીતે દેવી દેવતાઓનું સ્વરૂપ વરદાની અને સૌમ્ય હોય છે, પરંતુ હનુમાનજીને મોટી આંખો વાળા રૌદ્ર સ્વરૂપ બતાવવામાં આવે છે. કારણ કે તેઓ માયા સામેના યુદ્ધમાં વિકરાળ રૂપ ધારણ કરે છે. હનુમાનજી એક જ વસ્ત્ર ધારણ કરે છે કારણ કે તેમની પુરુષાર્થી સ્ટેજ છે. દરેક પુરુષાર્થી કે જેઓ સંપૂર્ણ નથી બન્યા તેઓ એક જ વસ્ત્ર ધારણ કરતા હોય છે. જેવી રીતે મંદિરના પૂજારી, કથાકાર કે પાદરી હોય તો તેઓ સિલાઈ વગરનું એક જ વસ્ત્ર ધારણ કરે છે. હનુમાનજી, ગણેશજી, કાલિકાજીની પુરુષાર્થી સ્ટેજ હોવાથી એક જ વસ્ત્ર ધારણ કરે છે. જ્યારે જેઓ પુરુષાર્થ કરીને સંપૂર્ણ બની જાય છે તેઓ રેશમી રંગબેરંગી સુંદર વસ્ત્રો ધારણ કરે છે. હનુમાનજીની ગદા સદા ખભા ઉપર ઊંચી બતાવવામાં આવે છે જે દર્શાવે છે કે તેમનું હજુ માયા સાથે યુદ્ધ સમાપ્ત થયું નથી, પુરુષાર્થ ચાલુ છે, જ્યારે શ્રી વિષ્ણુની ગદા નીચે બતાવવામાં આવે છે જે દર્શાવે છે કે તેમનું માયા સાથે યુદ્ધ સમાપ્ત થઈ સંપૂર્ણ દેવતા સ્વરૂપ બની ગયા છે. હનુમાનજીનું પૂરું શરીર લાલ લાલ હોય છે જે દર્શાવે છે કે પરમાત્મા જ્યોતિ સ્વરૂપ છે અને તેમની યાદમાં હનુમાનજી પણ સ્વયમ લાલ લાલ જ્યોતિ સ્વરૂપ બની ગયા છે. તેમના પગની નીચે એક પૂતળું હોય છે જે કળિયુગનું, કાલ પુરુષનું પૂતળું હોય છે, તેમણે કાળ અર્થાત સમય પર વિજય મેળવેલો છે. કળિયુગી તમોપ્રધાન વાતાવરણમાં પણ તેઓ પોતાની પવિત્રતા જાળવી રાખી શકે છે. કળિયુગી વાયુમંડળનો પ્રભાવ તેમના પર પડી શકતો નથી. હનુમાનજીનો એક પગ, હંમેશા ઉપર ઉઠેલો, ઉડવાની મુદ્રામાં તત્પર હોય છે જે દર્શાવે છે કે પરમાત્મા રામનો સેવા માટે જેવો આદેશ મળે કે તરત જ એક સેકન્ડમાં ઊડીને કાર્યમાં લાગી જાય તેવા એવર રેડી સેવાધારી છે. આમ આપણા દેવી-દેવતાના ચિત્રો અનેક આધ્યાત્મિક રહસ્યથી ભરેલા છે, જે આજ સુધી આપણને કોઈએ સમજાવ્યું નથી પરંતુ સ્વયં ભગવાને આવીને આપણને અનેક આધ્યાત્મિક ગુહ્ય રાજ સમજાવ્યા છે. (ક્રમશઃ) **॥ઓમશાંતિ॥**

# ઈશ્વરીય સેવા કરવાની પદ્ધતિઓ

બ્ર.કુ. જુનાગઢ.

બાબાએ મુરલીમાં કહ્યું છે, દરેક વ્યક્તિમાં વિશેષ ગુણો હોય છે, તેનો ઉપયોગ કરવો પડે, તો સફળતા સરળતાથી મળશે, તો આજે સેવા યોગ્ય વિશેષતાઓ વિશે જાણીએ, જેમાંથી એકનો પણ ઉપયોગ કરીને તમે પોતાને અને અન્યને દુઆઓ કમાવવાની તક આપી શકો છો.

**મનસા સેવા -** શુભેચ્છાઓ, આશીર્વાદ આપવા, યોગ દ્વારા પર્યાવરણને શુદ્ધ કરવું, દ્રષ્ટિ આપો.

**વાચા સેવા -** જ્ઞાન આપવું, અનુભવોનું વર્ણન કરવું, આમંત્રણ આપવું, ભાષણ આપવું (અભ્યાસક્રમ, મુરલી, વિશેષ કાર્યક્રમ), વક્તાનો પરિચય આપવો ,કોમેન્ટ્રી દ્વારા યોગ.

**કર્મણા સેવા -** સ્ટેજ - માઈક - મ્યુઝિક - લાઈટ્સ કે ઓડિયન્સનું સંચાલન, હોલ સાફ કરવો, ખુરશીઓ ગોઠવવી. ભોજન બનાવવું (બેકિંગ, પેકિંગ, શાકભાજી સમારવું)

થોડો સમય આપવો, વાહન ચલાવવું, મધુબનમાં યજ્ઞ સેવા કરવી, માર્ગદર્શક બનવું, સેન્ટરે તન દ્વારા થતા દરેક કાર્યમાં મદદ કરવી.

**સંબંધ-સંપર્ક દ્વારા -** કોઈને લાવો (કાર્યક્રમ, સેવા કેન્દ્ર અથવા મધુબનમાં), બીજાને સેવા શીખવવી, તેમને તક આપવી, તેમને આગળ લઈ જવા.

**લક્ષણો દ્વારા -** કળા દ્વારા (ગાન, નૃત્ય, કવિતાઓ, ગીતો, સર્જનાત્મકતા)

**કોમ્પ્યુટર સેવાઓ** (ગ્રાફિક ડિઝાઈન, પેમ્ફલેટ મેકિંગ, ઈમેલ, વગેરે)

**સોશિયલ મીડિયા** (વોટ્સએપ, ફેસબુક, યુટ્યુબ, એસએમએસ) દ્વારા સમાજમાં જાગૃતિ લાવવી, ગીતો, વિડિયો મોકલવા, સેવા માટે તમારો સમય આપવો,

**મનથી -** (નવા વિચારો રજુ કરવા, સૂચનો આપવા ,દુખી મનને શાંત્વના આપવી,)

**ધનથી -** (કાર્યક્રમો દરમિયાન, ખાસ દિવસોમાં, દર મહિને, વગેરે) ધન સેન્ટરે આપી સફળ કરવું.

**શ્રેષ્ઠ જીવન દ્વારા -** ઉન્નત અવસ્થા,-સંતોષ દ્વારા ,ઉલ્લાસભર્યા ચહેરા, કલ્યાણકારી દ્રષ્ટી, મધુર શબ્દો દ્વારા, આનંદભર્યા-આદરભર્યા વર્તન, શાહી વર્તન દ્વારા, શાંતિથી કામ કરીને, અંતર્મુખતાથી, હળવાશથી, શુદ્ધતાથી, શ્રેષ્ઠ સિદ્ધાંતો, નિયમો અને ધોરણોનું પાલન કરીને, સ્વરૂપ, ઉદાહરણ, આદર્શ બનીને.

**ધારણા દ્વારા -** (રોજ જ્ઞાન સાંભળવું, યોગ કરવો, બાબાના સ્મરણમાં મૌન રહીને ભોજન કરવું, શુદ્ધ આહાર લેવો, કામ કરતા પહેલા ૧ મિનિટ મૌન રાખવું, દરેક પરિસ્થિતિમાં સતત અટલ, સકારાત્મક રહેવું)

આપણે કર્મયોગી બનીએ, વિચાર, ચિંતન અને કાર્ય દ્વારા દરેક ક્ષણમાં આત્મા બનીને સેવામાં વ્યસ્ત રહીએ આપણે બસ આપણો સમય અને વિશેષતા સેવામાં અર્પણ કરવાની છે, તો બાબા આપણા સમયનો તેઓ ઇચ્છે તે રીતે ઉપયોગ કરી શકે છે.. આપણે હંમેશા પરમાત્માના સાથનો અનુભવ કરતા રહેવાનું છે અને અન્યોને આપણા રાજયોગ દ્વારા શાંતિ, પ્રેમ અને આનંદનો અનુભવ કરાવીએ. ॥**ઓમશાંતિ** ॥

### દિવ્યદર્શન

# દાદી રતન મોહિનીજી સાથેના સંસ્મરણો દ્વારા ભાવાંજલિ...

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.



બ્રહ્માકુમારીઝ સંસ્થાની ઈ.સ. 1936ના છેક શરૂઆતના રત્નો જેને યજ્ઞમાં બાબાએ આદિ-રત્નોનું બિરૂદ આપ્યું છે. તે આદિરત્નોની શ્રેણીનું સૌથી છેલ્લું રતન કહી શકાય તે માત્ર દાદી રતનમોહિનીજી. 101 વર્ષની શતાયુ આયુષ્ય પૂર્ણ કરવાની સાથે સાથે દાદીજી આપણને સૌને છેલ્લે છેલ્લે 3-4 વર્ષમાં એક પાઠ પણ શીખવતા ગયા. દેહભાનથી ઉપરામ સંપૂર્ણ આત્મ અભિમાની સ્થિતિ.

દાદી રતનમોહિનીજીએ સાકાર બાબાના સમયે અને ત્યારબાદ દાદી પ્રકાશમણીજીના અધ્યક્ષ પદે યજ્ઞના ખૂબ મહત્વપૂર્ણ કારોબાર કરતાં કરતાં યજ્ઞની વ્યવસ્થાને એક નવો આકાર આપવામાં ખૂબ મોટી ભૂમિકા ભજવી. જેના દ્વારા સંસ્થાને એક નવી ઓળખ આપી. દાદીજીએ ભારત અને નેપાળના બાબાના સર્વ નાના-મોટા સેવાકેન્દ્રોની વ્યવસ્થા બનાવી. સેવાકેન્દ્રોને પ્રમાણપત્ર દ્વારા કાયદેસરની માન્યતા આપવાનું શરૂ કર્યું. ઈશ્વરીય સેવાઓમાં સમર્પિત થવા માટે કુમારીઓને બળ, હિંમત, શક્તિ આપી બેહદ સેવાઓમાં જીવન સમર્પિત બનાવવા માટે ખૂબ જહેમત ઉઠાવી, તે કુમારીઓને યોગ્ય ટીચર બનાવી. ફક્ત ટીચર બનાવી એટલું જ નહિ પરંતુ ભારતભરના બધા સેવાકેન્દ્રો પર સેવાઓની વૃદ્ધિ થાય તે માટે યોગ્ય ટીચર બહેનોની ગોઠવણ કરવાની વ્યવસ્થા કરવાની એક આગવી કોઠાસૂઝ દાદી રતનમોહિનીજીમાં જોવા મળતી. દાદીજીને ટીચર બહેનો સાથે એક આત્મીય પ્રેમ હોવાથી તેઓ યોગ્યતાપૂર્ણ રાજયોગ શિક્ષિકા બને તે હેતુથી તેઓએ કાયદેસરનો ટીચર્સ ટ્રેનીગ કોર્ષ બનાવી તે અનુસાર બહેનોને પોતે જાતે તાલીમ આપી યોગ્ય બનાવી અનેક સેવાકેન્દ્રો ખોલી સેવાધારીઓને તૈયાર કરવામાં બહુમોટો સિંહફાળો આપ્યો છે. આજે દાદી રતન મોહિનીજીની સીધી તાલીમ પામેલી હજારો ટીચર બહેનોની એક ફોજ છે, હું પોતે પણ તે ફોજનો એક ભાગ છું. દાદીજીની ટીચર તરીકે મને મળેલ પાલનાનો લાભ આજે મૂડી સ્વરૂપે મને પ્રાપ્ત થયો તે મારા માટે એક ગૌરવની પણ વાત છે.

દાદીજીમાં પરખવાની શક્તિ ગજબની હતી. વાત તે સમયની છે ( 1989 ) કે જયારે હું નવી નવી સેન્ટરમાં ટ્રાયલમાં હતી. ફક્ત 3 મહિના જેટલો સમય થયો હતો અને દાદી રતન મોહિનીજીને સેવા અર્થે ટ્રેનમાં મુંબઈ જવાનું હોવાથી સુખશાંતિ ભવન સેવાકેન્દ્ર પર પધાર્યા હતાં. તે સમયે લોટસ હાઉસ ન હતું. સૌ વરિષ્ઠ દાદીઓ અને ભાઈ-બહેનો અહી આવતાં. દાદીજીના આગમનમાં સ્વાગત

કરવા હું પણ આદરણીય સરલાદીદીજી સાથે લાઈનમાં બધાં બહેનો સાથે ઉભી હતી. દાદીજીના આગમન સમયે દાદીજીએ મીઠી શક્તિશાળી દૃષ્ટિ આપતાં દીદીજીને કહ્યું ઇસ બાલકી કો મેરે પાસ ટ્રેનીગ મે ભેજો. અને દાદીજી સાથે થોડો સમય પાંડવ ભવનમાં સેવા કરવાનો મોકો મળ્યો. ત્યારે આજના જેવી સેવાઓ ન હતી. સ્થૂળ સેવાઓ દાદી પોતે સેવા કરીને ખૂબ જ પ્રેમભાવથી નાની નાની બાબતો ધ્યાનમાં રાખી આપતાં અને શીખવતા. જે આજે પણ સેવામાં કામ લાગે છે અને તે અનમોલ પળો યાદ આવે છે.

દાદીજી સૌના મનના વિચારને જાણી, કાયમ સેવામાં ઉમંગ ઉત્સાહ ભરી આગળ વધારતા, જેનો એક અનુભવ મને પણ થયો હતો. ઈ.સ. 1991માં યુવા પ્રભાગ દ્વારા સમગ્ર ભારતમાં વિવિધ સાયકલ યાત્રાઓનું આયોજન થયું હતું. જેમાંની એક યાત્રા પોરબંદરથી દિલ્હીની હતી. તે સમયે યુવા પ્રભાગમાં સભ્ય હોવાથી આ સાયકલ યાત્રાની સેવામાં જવાનો સંકલ્પ આવ્યો. સાયકલ યાત્રાના શુભારંભ સમયે હું ત્યાં સભામાં સામે બેઠી હતી, ત્યારે દાદીની નજર મારા પર પડી. કાર્યક્રમ પૂરો થયો અને સૌ સાયકલ યાત્રીઓ અને યુવા પ્રભાગના ભાઈ-બહેનો મંચ પર ટોલી લેવા ગયા ત્યારે દાદીજીએ કહ્યું આપ ભી સાયકલ યાત્રા મેં થોડા સમય ચલોગી? મારા મનની વાત દાદીએ કરી. બસ, દાદીની ઓફર જ મારા માટે ગણી મોટી વાત બની ગઈ. સરલાદીદીજીએ પણ થોડા ટૂંકા અંતર માટે યાત્રામાં જવા માટે દાદીજીને સંમતિ આપી દીધી.

દાદી રતનમોહિનીજીને સંસ્થાની વહીવટી સેવા સોંપી હતી. 1990 પછી સેવાઓની ધૂમ વધી અને રોજ રોજ નવા-નવા સેવાકેન્દ્રો ખુલતા ગયા. બ્રહમાકુમારી બહેનોની સંખ્યા વધવા લાગી. બધી ટીચર બહેનોને સૌ પ્રથમ કાયદેસર ઓળખકાર્ડ આપવાનું નક્કી થયું. 1994માં ઝોન પ્રમાણે પાંડવ ભવનમાં બહેનો માટે ભઠ્ઠીઓના આયોજન સમયે ફોટા પાડીને ઓળખકાર્ડ આપ્યા. એક વાર સંસ્થાના જ્ઞાનામૃતના કારોબાર અર્થે દિલ્હીમાં મારું ઓળખકાર્ડ માંગ્યું, તે સમયે સંસ્થા દ્વારા અપાયેલ પહેલું સાદું ઓળખકાર્ડ બતાવ્યું, તો ત્યાં કહ્યું કે તમારી આટલી મોટી આંતરરાષ્ટ્રીય સંસ્થા છે અને આવું સામાન્ય ઓળખકાર્ડ? જેમાં કોઈ ખાસ વિગત કે પરિચય નથી. આ નહિ ચાલે. બાબાનો કારોબાર તો મોટો થઈ ગયો. મેં આબુ આવી દાદીજીને વિગતે વાત કરી. દાદીજીએ તરત જ ઓફિસમાં આવી શાંતાક્રિશ્નાભાઈને વાત કરી કે આ બહેનની વાત સાંભળો અને યજ્ઞના તમામ સમર્પિત ભાઈઓ તથા બહેનોને યજ્ઞના ઓળખ-કાર્ડ બનાવો. જેથી બીજા કોઈ બહેનોને ભવિષ્યમાં કોઈ કારોબારમાં તકલીફ ન પડે તથા તેમને આગવી ઓળખ મળે. આ પ્રસંગ પરથી યોગ્ય નિર્ણય લઈ ઈ.સ. 2007થી ઓફીસીયલ આઈ કાર્ડ ટીચર બહેનોને આપવાના શરૂ થયા.

દાદી રતનમોહિનીજી આધુનિક તકનિકી સાથે પોતે અપડેટેડ રહેતાં. એક વાર મીડિયા પ્રભાગની તાલીમમાં દાદીજી આવીને બેઠા. છેલ્લે બધાને દ્રષ્ટી અને ટોલી આપી. દાદી રતન મોહિનીજી સાથે વ્યક્તિગત પરિચય હોવાથી દાદી દ્રષ્ટી આપતાં આપતાં પૂછ્યું આમાં તને શું ઉપયોગી લાગ્યું? મને કહે તો હું બીજી ટીચર બહેનોને પણ મોકલું. આ બધું જાણવું, શીખવું આજના સમયે જરૂરી છે. જુવો 85-86 વર્ષની ઉંમરે પણ દાદીજીને શીખવાની ભાવના હતી.

રત્નોની ખાણ દાદી રતનમોહિનીજી... શાંતિવન પરિસરમાં ડાયમંડ હોલમાં આજ સુધી સૌથી વધુ મુરલી સંભાળવાનો રેકોર્ડ દાદીજીના

**(અનુસંધાન પેજ નં. 31 પર)**

# પ્રસંગ પરિમલ

## સત્યને કદી છુપાવશો નહીં

કેટલાંયે વર્ષો પહેલાંની વાત છે. એક ગામમાં યુધિષ્ઠિર નામનોએક કુંભાર રહેતો હતો. દિવસે તે માટીનાં વાસણો બનાવતો હતો અને જે કંઈ પૈસા મળે તેમાંથી શરાબ લઈને પીતો હતો.

એક રાતે શરાબના નશામાં પોતાના ઘેર આવી રહ્યો હતો. તે એટલો નશામાં હતો કે સારી રીતે ચાલી પણ શકતો નહોતો. અચાનક એ લથડિયાં ખાવા લાગ્યો અને જમીન પર પડી ગયો. જમીન પર કાચના ટુકડાઓ પડ્યા હતા. તેમાંથી એક ટુકડો એના માથામાં પેસી ગયો. એના માથામાંથી લોહી વહેવા લાગ્યું. એ પછી કુંભાર ગમે તે રીતે ઊભો થઈને પોતાના ઘેર ગયો. બીજા દિવસે તે ભાનમાં આવ્યો તો તે વૈદ્ય પાસે દવા લેવા ગયો. પાટો બંધાવીને દવા લીધી. ઘા ઊંડો હતો તેથી તેને રૂઝાવામાં ઘણો સમય લાગવાનો હતો. રૂઝ આવવા છતાં પણ ઘાનું નિશાન ગયું નહીં.

એના પછી કેટલાયે દિવસો વીતી ગયા. અચાનક એના ગામમાં દુકાળ પડ્યો. બધાં લોકો ગામ છોડીને જવા લાગ્યો. કુંભારે પણ ગામ છોડવાનો નિર્ણય કર્યો અને બીજા રાજ્ય તરફ નીકળી ગયો.

નવા રાજ્યમાં આવીને તે રાજાના દરબારમાં નોકરી માંગવા ગયો. ત્યાં એના માથે ઘા જોઈને ઘાનું નિશાન જોયું રાજાને લાગ્યું કે આ જરૂર કોઈ પરાક્રમી યોધ્ધો હશે. દુશ્મનની સાથે લડતાં માથા ઉપર ઘા પડ્યો હશે. આ વિચારીને રાજાએ એને પોતાના દરબારમાં એક ખાસ જગ્યા આપી દીધી. અને એના ઉપર વિશેષ ધ્યાન રાખવાનું શરૂ કર્યું. આ જોઈને રાજાના દરબારમાં ઉપસ્થિત રાજ-કુમાર સેનાપતિ અને અન્ય મંત્રી તેની ઈર્ષ્યા કરવા લાગ્યા. આવું કેટલાયે દિવસો સુધી ચાલતું રહ્યું. એક દિવસે શત્રુઓએ રાજાના મહેલ ઉપર હુમલો કર્યો. રાજા પોતાની પૂરી સેના લઈને યુદ્ધ કરવા તૈયાર થયો. રાજાએ યુધિષ્ઠિરને પણ યુધ્ધભૂમિ પર જવા માટે કહ્યું. યુધિષ્ઠિર જ્યારે યુધ્ધભૂમિ તરફ જઈ રહ્યો હતો તો રાજાએ એને પૂછ્યું, કે એના માથા પર ઘા કયા યુધ્ધ વખતે પડ્યો હતો?

આ કહ્યા પછી કુંભારે વિચાર્યું કે હવે તેણે રાજાનો ભરોસો જીતી લીધો છે તેથી જો રાજાને સત્ય બતાવી દઉં તો કોઈ સમસ્યા નહીં રહે. આ વિચારીને એણે રાજાને કહ્યું, રાજન, હું યોધ્ધો નથી. આ ઘા મને કોઈ યુધ્ધમાં વાગ્યો નથી પણ શરાબ પીને પડી જવાથી વાગ્યો હતો.

કુંભારની વાત સાંભળીને રાજાને બહુ ગુસ્સો આવ્યો. રાજાએ કહ્યું, તે મારો વિશ્વાસ તોડ્યો છે અને મારી સાથે કપટ કરીને દરબારમાં આટલું ઉચ્ચ પદ મેળવ્યું છે. મારા રાજ્યમાંથી નીકળી જા. કુંભારે રાજાને બહુ વિનંતીઓ કરી. એણે કહ્યું કે અગર તક મળશે તો રાજા માટે પ્રાણ પણ ત્યજી દેશે.

રાજાએ કહ્યું, તું ભલે ગમે તેવો શૂરવીર અને પરાક્રમી હો પણ શૂરવીરોના કુળનો નથી. હું તને જવા દઉં છું. પણ જો રાજકુમારોને તેની ખબર પડશે તો તને મારી નાખશે. એટલે કહું છું કે જીવ બચાવવો હોય તો ભાગી જા. રાજાની વાત માની લીધી અને તરત જ રાજ્ય છોડીને ચાલ્યો ગયો.

**શીખ -** આ વાર્તાથી આપણને એ શીખ મળે છે કે ઈન્સાનની અસલિયત વધારે દિવસો સુધી ગુપ્ત રહી શકતી નથી. કોઈને કોઈ દિવસે રહસ્ય ખૂલી જાય છે.

**॥ ઓમશાંતિ ॥**

(પેજ નં. 29નું અનુસંધાન)... દિવ્ય દર્શન

નામે છે. દાદીની મુરલી વાંચવાની શૈલી આગવી હતી. જે મધુર આવાજ આજે પણ કર્ણપટલ પર વારંવાર સંભળાય છે. યજ્ઞના આદિ રત્નોમાંનાં સૌ છેલ્લા રત્ન તથા કરોડો લાખો રત્નોમાંના એક દાદી રતનમોહિનીજીને શત શત નમન.... કોટી કોટી વંદન.... સહૃદય પુષ્પાંજલિ અર્પણ.....

॥ ઓમશાંતિ ॥

# સાક્ષી નજરથી જોયું

**બ્ર. કુ. જૂનાગઢ**

દેખા-દેખીનાં દમનથી કમલ હૃદયની સચ્ચાઈ ગુમ થઈ,
દેહ અભિમાનનાં દાવાનળથી આત્માની ઓળખ ગુમ થઈ,
જ્ઞાનનાં ગોવાળીયા બની, સંગમનાં ગૌચરમાં ગાયો ચરાવ,
તો સુખનાં મેવા મળે ને, ચઢાણમાં લીફ્ટ મળે,

વ્યર્થનાં વંટોળમાં, સમર્થતાની શક્તિ ગુમ થઈ,
ગર્ભ જેલમાં રહી, પાપો ભોગવવાની પહેલ થઈ,
બાપ સમાન બની, સ્વધર્મની ચોટી બનાવ,
તો બ્રાહ્મણ જીવનની ખુશી મળે ને, સચ્ચાઈનો આનંદ મળે,

દુખોથી દાજવાથી, જીવન બંધની શરૂઆત થઈ,
સાક્ષીની નજરથી જોયું, તો ઉડવાની શરૂઆત થઈ,
સાવજ શક્તિશાળી બની, ત્રાડ હિમંતની લગાવ,
કુંભકરણ નીંદથી જાગેને, પરિવર્તનના એંધાણ મળે,

મારા તારાનાં મેળાથી, ભેગું કરવાની શરૂઆત થઈ,
દેવાનાં ભાવથી અંતરમાં અમીરીની શરૂઆત થઈ,
રૂહાની ગુલાબ બની, સુગંધ અનેરી ફેલાવ,
પર્ણ કાંટાને પણ, સતયુગમાં જવાનો મોકો મળે.

॥ ઓમશાંતિ ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Gujarat Offset Private Ltd. 'Offset House', Opp. Jain Ashram, Station Road, Vatva, Ahmedabad – 382 440. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલી ભાગ – ૫૪ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઉભી ચાવીઓ ભરશો. જ્ઞાનના ચિંતનના આધારે આપના જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. આપને આવતાં અંકમાં ભાગ – ૫૪ના જવાબો મળશે. આ સાથે નીચે ભાગ – ૫૩ના જવાબો આપેલ છે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ - ૫૪

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | 3 | | 4 | 5 | | 6 | 7 |
| 8 | | | | | 9 | | | 10 | |
| | 11 | | | 12 | | | | 13 | |
| | | | 14 | | 15 | | 16 | | |
| 17 | | | | | 18 | | | 19 | |
| 20 | | | 21 | | | | 22 | | |
| | | 23 | | | 24 | 25 | | | |
| 26 | | | | | 27 | | | 28 | 29 |
| | 30 | 31 | | | | | | | |
| | 32 | | | | 33 | | 34 | | |

### શબ્દાવલી ભાગ - ૫૩ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 ઓ | 2 મ | શાં | 3 તિ | | 4 ગો | | 5 દુ | 6 કા | 7 ન |
| 8 મ | ધુ | | 9 લ | 10 વ | કુ | 11 શ | | 12 ગ | ત |
| 13 કા | ર | ણ | | 14 જ | ળ | ક | 15 મ | ળ | |
| 16 રે | તા | | 17 શા | ન | | 18 લ | ત | | 19 સ |
| શ્વ | | | મ | | 20 એ | | મ | | ગ |
| 21 ર | 22 ક્ષ | 23 ક | | | પ્રિ | | 24 તાં | ડ | વ |
| | 25 ણી | પા | | 26 પ | લ | | ત | | ડ |
| 27 ન | ક | લ | | | ફૂ | | 28 ર | 29 ધુ | |
| મ | | 30 ભા | 31 વિ | | 32 લ | ક્ષ્મી | | 33 ઘ | 34 ર |
| સ્તે | | 35 તિ | લ | ક | | | 36 શ્રી | રા | મ |

### આડી ચાવીઓ

૧. ૧લી મે (૧૦)
૮. એક કઠોળ (૨)
૯. વેલ (૨)
૧૦. ગત શબ્દને ઊલ્ટો લખો (૨)
૧૧. સભી કી દિલ લેનેવાલા (૪)
૧૩. આઠ પછી ..... આવે (૨)
૧૪. ચાંદી (૩)
૧૭. ઈડલી અને ..... (૩)
૧૮. ડ્રેગન (૪)
૨૦. બહુત ....., થોડી રહી (૨)
૨૧. ..... પંછી ઉડ–ઉડ જાયે (૩)
૨૨. મા (૩)
૨૩. યોગ (૨)
૨૪. શાહુકાર (૨)
૨૬. મધર (૧)
૨૭. મિત્ર (૨)
૨૮. મૃત્યુ (૨)
૩૦. કર્મ (૩)
૩૨. જીત (૩)
૩૪. બેનનું એક નામ (૨)

### ઊભી ચાવીઓ

૧. ખોવાયેલું (૨)
૨. ૧૨ મે યજ્ઞની મહાન વિભુતિનો સ્મૃતિ દિવસ (૬)
૩. એક શસ્ત્ર (૪)
૪. સેકન્ડ (૨)
૬. પરમધામ (૩)
૭. સુવિધા (૪)
૧૨. ઈજ્જત (૨)
૧૫. ઉનાળામાં ઠંડક માટે પીવાય (૫)
૧૬. પેન (૩)
૧૭. સાથ (૨)
૧૯. ૮ મે નો દિવસ (૪)
૨૧. શ્રધ્ધેય, મહાન (૫)
૨૫. પગ (૩)
૨૯. થાક (૩)
૩૦. ગાયક (૨)
૩૧. ધૂળ, માટી (૨)
૩૩. ગરમ હવા (૧)



પોરબંદરમાં 'સખી ક્લબ ઓફ પોરબંદર' દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે આયોજીત કાર્યક્રમમાં લાઈટ હાઉસ સેવાકેન્દ્રના બ્ર.કુ. લીનાબેન તથા અન્ય આગેવાન મહિલાઓ.



પોરબંદર ખાતે ગુજરાત યોગ બોર્ડના 'નારી શક્તિ વંદન' કાર્યક્રમમાં દિપ પ્રજવલ્લન કરતાં બ્ર.કુ. સુનિતાબેન, કૉ઼ડિનેટર ભ્રાતા કેતનભાઈ કોટિયા, PI ભગિની કિરણબેન ચાવડા.




વડોદરામાં એન.કે. જ્વેલર્સ દ્વારા આયોજીત 'વિશ્વ મહિલા દિવસે' મહિલાઓના સન્માન કાર્યક્રમમાં મેયર પિંકીબેન સોની, સમાજસેવિકા ભગિની પૂજા શાહ સાથે ચંદ્રનગર સેવાકેન્દ્રના બ્ર.કુ. તરલીકાબેન.



બાલાગામમાં 'વિશ્વ મહિલા દિવસે' કાર્યક્રમમાં સરપંચ ભગિની ધીરજબા, BJP જીલ્લા મહિલા મોર્ચા પૂર્વ પ્રમુખ પ્રવીણાબેન, મહિલા મંડળના પ્રમુખ પ્રેમીલાબેન, બ્ર.કુ. ગીતાબેન તથા અન્ય મહિલાઓ.



ભૂજ ઐયાનગરમાં કચ્છ ગુર્જર ક્ષતિય સમાજ અખિલ ભારતીય મહિલા મંડળ પ્રમુખ અમીતાબેન, નારી રતન કંચનબેન, મહામંત્રી ઉષાબેન, બ્ર.કુ. રીનાબેન, બ્ર.કુ. ઈલાબેન, બ્ર.કુ. બાબુભાઈ.



સરભાણમાં 'મારો તાલુકો હરીયાળો'માં FPO ચેરમેન ગીરીશભાઈ, FPO ડિરેક્ટર શક્તિભાઈ, APMC પ્રમુખ સુરેશભાઈ, તાલુકા પંચાયતના પ્રમુખ હેમાબેન, વન અધિકારી અનિલભાઈ, બ્ર.કુ. દિપીકાબેન.



ઉમરગામમાં 'મહિલા દિને' કાર્યક્રમમાં નગરપાલિકાના ઉપપ્રમુખ જયશ્રીબેન, ઈનરવ્હીલ ક્લબના પ્રમુખ રિયા પૌલ, જૈન અગ્રણી કાશ્મિરાબેન, બ્ર.કુ. સુનિતાબેન, બ્ર.કુ. ચેતનાબેન.



ગોંડલમાં 'રામનવમી' નિમિત્તે ઝાંખીમાં પધારેલ આચાર્ય મીનાબેન, શિક્ષક ભ્રાતા કમલેશભાઈ, વકીલ હરસિધ્ધાબેન, L.I.C. ઓફિસર ચનીયરભાઈ, બ્ર.કુ. શીતલબેન.

**Gyan Amrit** Vol.18 | Issue 05 | May 2025 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.




રાજકોટ ભોજલરામ સેવાકેન્દ્રની 'રજત જયંતિ અને પવિત્ર જીવનયાત્રા મહોત્સવ' અંતર્ગત કાર્યક્રમમાં દીપ પ્રજવલ્લન કરતાં નર્મદા રાજરાજેશ્વરી આશ્રમના મહંત સ્વામી અખંડ બ્રહ્માનંદજી, ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી, ભીલમાલથી પધારેલ બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. ગોપાલભાઈ, બ્ર.કુ. લક્ષ્મીબેન, બ્ર.કુ. દિવ્યાબેન, બ્ર.કુ. આરતીબેન તથા બ્ર.કુ. ડિમ્પલબેન.



બોટાદમાં 'પવિત્ર જીવન યાત્રા મહોત્સવ'માં દીપ પ્રગટાવતાં મા. આબુથી પધારેલ બ્ર.કુ. ઉષાબેન, બ્ર.કુ. સરલાબેન, કષ્ટભંજન મંદિરના પરમપૂજ્ય વિવેકસાગર સ્વામી, ગુરૂકુળના પરમપૂજ્ય માધવસ્વરૂપદાસજી સ્વામી, શ્રીજી ડેવલોપરના ઑનર ભ્રાતા રણજીતભાઈ, ભ્રાતા સી.એલ. ભીકડીયા, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. નીતાબેન તથા અન્ય મહાનુભાવો.



રાજકોટ પંચશીલ અને રવિરત્ન સેવાકેન્દ્ર દ્વારા ૧૦૮ પવિત્ર યુગલોના સન્માનમાં 'મહેકતું ગૃહસ્થ ઉપવન' કાર્યક્રમમાં દીપ પ્રજવલ્લન કરતાં રામકૃષ્ણ મિશનના સ્વામી પ્રણવર્થાનંદજી, ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી, મુંબઈ સાંતાક્રુઝથી પધારેલ બ્ર.કુ. મીરાબેન, બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. નલિનીબેન તથા પ્રતિષ્ઠિત આગેવાનો.




સુરતમાં પ્રોગ્રેસ એલાયન્સ ગ્રુપ દ્વારા ઈન્ડો સ્ટેડિયમમાં આયોજીત 'નવચેતના' કાર્યક્રમમાં બ્ર.કુ. શિવાનીબેન, બ્ર.કુ. રંજનબેન, SP સુનીલ અગ્રવાલ IPS, ડેપ્યુટી કલેક્ટર દિલીપભાઈ વાઘેલા, DCP હેતલબેન, FOSTTAના પ્રમુખ ભ્રાતા કૈલાસભાઈ હકીમ, જયેશભાઈ મોદી, દર્શનાબેન જરદોશ, વિનયભાઈ અગ્રવાલ, ચેતનભાઈ, બ્ર.કુ. સોનલબેન, બ્ર.કુ. દક્ષાબેન, બ્ર.કુ. ફાલ્ગુનીબેન.



સુરતમાં વરાછા રોડ સેવાકેન્દ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે આયોજીત મેગા 'નઈ સોચ, નયા જીવન તથા નઈ શરૂઆત' કાર્યક્રમમાં બ્ર.કુ. શિવાનીબેન, બ્ર.કુ. પુર્ણિમાબેન, MLA ભ્રાતા કાંતિભાઈ, ધર્મનંદન ડાયમંડના માલિક ભ્રાતા લાલજીભાઈ, યુરો ઈન્ટરનેશનલના ચેરમેન ભ્રાતા પુરૂષોત્તમભાઈ, બ્ર.કુ. સંધ્યાબેન, બ્ર.કુ. તૃપ્તિબેન તથા અન્ય મહાનુભાવો.



વિરમગામ તાલુકામાં ભારત સરકાર દ્વારા આયોજીત 'નશા મુક્તિ અભિયાન'ને લીલી ઝંડી આપી શુભારંભ કરાવતા MLA ભ્રાતા હાર્દિકભાઈ પટેલ સાથે બ્ર.કુ. ધર્મિષ્ટાબેન, PI ભ્રાતા પ્રવીણભાઈ પટેલ તથા સામાજીક કાર્યકર્તાઓ તથા અન્ય આગેવાનો.

**If Undelivered Please Return to Publishing Place :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

**Publisher : Bharti Ranchhoddas Somaiya**
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com